પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૩૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૮-૦૯-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# દેશભરના અનેક રાજ્યોના ૬ થી ૭ શહેરોમાં PFIના ઘણા સ્થળાએ NIAના દરોડા

## શંકાસ્પદ ગતિવિધિની આશંકાએ ૬ લોકોની ધરપકડ કરાઈ




નવીદિલ્હી,

દેશભરના અનેક રાજ્યોના ૬ થી ૭ શહેરોમાં પીએફઆઈના ઘણા સ્થળો પર એનઆઈએ દ્વારા દરોડા પાડવામા આવ્યા છે.પીએફઆઈ પર એનઆઈએની કાર્યવાહીનો રેલો ગુજરાત સુધી પહોંચ્યો છે. અમદાવાદ, સુરત અને બનાસકાંઠામાં એટીએસ દ્વારા દરોડા પાડવામા આવ્યા છે. ગુજરાત એટીએસએ આ સંદર્ભે ૧૫ લોકોની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે પીએફઆઈના રાજકીય પક્ષ એસડીપીઆઈના લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્યારે વિદેશમાં બેઠેલા લોકો સાથે તાર જોડાયા હોવાની આશંકા છે.

ટેરર ફંડિંગ પર નાકાબંધી કરવા માટે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના નિર્દેશ પર દેશની અન્ય એજન્સીઓએ ફરી એકવાર પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના ઘણા સ્થળો પર દરોડા પાડ્યા છે. આઠ રાજ્યોમાં દરોડા દરમિયાન કર્ણાટકના કોલારમાંથી છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ સિવાય એસડીપીઆઈના સેક્રેટરીની પણ ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસ દ્વારા અમદાવાદ, સુરત અને બનાસકાંઠામાંથી ૧૫ લોકોની અટકાયત કરવામાં આવી છે. પીએફઆઈ ગુજરાતમાં સક્રિય નથી, પરંતુ તેનો રાજકીય પક્ષ એસડીપીઆઈ છે. સૂત્રોનું માનીએ તો, જે ૧૫ લોકોની પૂછપરછ કરવામાં આવી છે તેમના તાર વિદેશમાં બેઠેલા કેટલાક લોકો જોડે જોડાયેલા છે.

ઉલ્લેખનીય છે કે, ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન સહિત મધ્યપ્રદેશના ૬ થી ૭ શહેરોમાં પીએફઆઈના ઘણા સ્થળો પર એનઆઈએના દરોડા પડ્યા છે. દેશના ૮ રાજ્યોમાં ચાલી રહેલી આ કાર્યવાહીમાં એનઆઈએ ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, દિલ્હી, કેરળ, ગુજરાત, કર્ણાટક, આસામમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. પીએફઆઈના બેઝ પર તાબડતોડ દરોડા પાડવામાં આવ્યા છે. એમપીના અડધો ડઝન શહેરોમાં દરોડા પડતા ખળભળાટ મચી ગયો છે. એમપી સાથે ૭ રાજ્યોમાં દરોડા પાડવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, દિલ્હી, કેરળ, ગુજરાત, કર્ણાટક, આસામમાં એનઆઈએનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. એનઆઈએ દ્વારા આજના સર્ચ ઓપરેશનમાં સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી આઈબી અને રાજ્ય પોલીસની મહત્વની ભૂમિકા છે.

રિપોર્ટ્સ અનુસાર, ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, આસામ અને કર્ણાટક સહિત ૯ રાજ્યોમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રના ઔરંગાબાદમાંથી ૮, કર્ણાટકના કોલારમાંથી ૬ અને આસામમાંથી ૭ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે. આ સિવાય એલડીપીઆઈના સેક્રેટરીની પણ ધરપકડ કરવામાં આવી છે.એનઆઈએની ટીમે મંગળવારે સવારે દિલ્હીના શાહીન બાગમાં દરોડા પાડીને ૩૦ લોકોને કસ્ટડીમાં લીધા હતા. આમાંના કેટલાક વિશે એનઆઈએને મજબૂત માહિતી મળી છે, જ્યારે કેટલાકને શંકાના આધારે અટકાયતમાં લેવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન શાહીન બાગમાં કેન્દ્રીય સુરક્ષા દળ સીઆરપીએફ તહેનાત કરવામાં આવી હતી મધ્યપ્રદેશ એટીએસએ સોમવારે રાત્રે ભોપાલ, ઉજ્જૈન, ઈન્દોર સહિત ૮ જિલ્લાઓમાં પીએફઆઈ સ્થાનો પર દરોડા પાડીને ૨૨ શકમંદોની ધરપકડ કરી છે. અગાઉ પકડાયેલા ૪ આરોપીઓની પૂછપરછ દરમિયાન એટીએસને આ શકમંદોની માહિતી મળી હતી. તેમની પાસેથી રાષ્ટ્ર વિરોધી ડોક્યુમેન્ટ અને ડિજિટલ દસ્તાવેજો મળી આવ્યા છે.

ગુજરાતના સુરત, નવસારી, બનાસકાંઠા અને અમદાવાદમાં વિવિધ સ્થળો પર સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ફરી એક વખત આતંકવાદી સંગઠન સાથે કનેક્ટેડ લોકોની શંકાના આધારે પૂછપરછ થઈ રહી હોવાની વિગતો સામે આવી રહી છે. પાકિસ્તાની સંગઠન પીએફઆઈ સાથે ગુજરાતના કેટલાક જગ્યાના લોકો સીધા કનેક્ટ થતા જે પાકિસ્તાની સંસ્થાના ફંડિંગ સાથે કનેક્ટેડ છે તેઓની બાતમીના આધારે અટકાયત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદ, બનાસકાંઠા, દક્ષિણ ગુજરાતના નવસારી પાસેના સાત આઠ લોકોની કેટલીક બાતમીના આધારે અટકાયત કરીને ગુજરાત એટીએસની ઓફિસ લઈ જવામાં આવ્યા હતાં એનઆઈએના જણાવ્યા અનુસાર આ દરોડાનો બીજો રાઉન્ડ છે. પ્રથમ રાઉન્ડમાં, ૧૫ થી વધુ રાજ્યોમાં દરોડા દરમિયાન ૧૦૬ પીએફઆઈ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી.ધરપકડ કરાયેલા પીએફઆઈના કાર્યકરોની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેમની યોજનાઓ ખતરનાક છે અને તેનું નેટવર્ક આખા દેશમાં ફેલાયેલું છે. મધ્યપ્રદેશ સહિત મોટાભાગના રાજ્યોમાં પીએફઆઈના સિમી સાથે જોડાયેલ હોવાના પુરાવા પણ મળ્યા હતા. આ પછી, દેશની ગુપ્તચર અને સુરક્ષા એજન્સીઓએ પીએફઆઈના સમગ્ર નેટવર્કને શોધવાની કવાયત શરૂ કરી હતી. તેમની દેખરેખ ૨૦ રાજ્યો અને ૧૦૦ થી વધુ શહેરોમાં શરૂ થઈ. એવું જાણવા મળ્યું હતું કે પીએફઆઈને ખાડી દેશો સિવાય દેશના મોટા મુસ્લિમ ઉદ્યોગપતિઓ પાસેથી દાન મળી રહ્યું છે.ધરપકડ કરાયેલા લોકો પાસેથી મળેલા દસ્તાવેજો જણાવે છે કે તેઓ ભારતની સત્તા મેળવવા માંગે છે. તેમાં લખ્યું હતું કે ૨૦૪૭માં જ્યારે દેશ આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યો હશે ત્યાં સુધીમાં ભારતને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવું પડશે. આ દસ્તાવેજમાં એવું પણ લખવામાં આવ્યું છે કે ૧૦% મુસ્લિમો પણ સાથ આપે, તો અમે કાયરોને ઘૂંટણિયે લાવી દઈશું.આ માટે, તેમની પાસે ૪ સ્તરોની સંપૂર્ણ યોજના છે.

## બનાસકાંઠા માંથી PFI સાથે સંકળાયેલા શંકાસ્પદ ત્રણ શખ્સોની અટકાયત, કુલ ૧૫ની અટકાયત

અમદાવાદ,

દેશભરમા પીએફઆઈ સામે કરવામાં આવેલી કાર્યવાહીનો રેલો ગુજરાતના વિવિધ જિલ્લાઓ સુધી પહોંચ્યો છે. એનઆઈએ દ્વારા બનાસકાંઠા, અમદાવાદ સુરત અને નવસારીમાં તપાસ કરવામાં આવી છે. એનએઆઈ દ્વારા આ તપાસ ટેરર ફન્ડિંગ મામલે કરવામાં આવી છે. આ મામલે બનાસકાંઠામાંથી ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે.


આ તપાસ દરમ્યાન બનાકાંઠા માંથી પીએફઆઈ સાથે સંકળાયેલા શંકાસ્પદ ત્રણ શખ્સો ની અટકાયત કરવામાં આવી છે એસઓજી પોલીસે ત્રણ શખ્સો ની પૂછપરછ માટે અટકાયત કરવાના અહેવાલ સામે આવ્યા છે. તો બીજી તરફ આ મામલો અતિ સંવેદનશીલ હોવાને કારમે પોલીસે સમગ્ર માહિતિ ગુપ્ત રાખી છે. એસઓજીની ટીમે અટકાયત કરાયેલા શખ્સોને વધુ તપાસ અર્થે એટીએસને સોંપવામાં આવ્યા છે.

દેશના ૧૫ રાજયોમાં ૯૩ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કેસના તાર હવે ગુજરાત સુધી અડ્યાં છે. ગુજરાત એટીએસ દ્વારા અમદાવાદ, સુરત, નવસારી અને બનાસકાંઠામાંથી કુલ ૧૫ લોકોની અટકાયત કરવામાં આવી છે.નવસારીમાંથી અબ્દુલ કાદિર સૈયદ નામના ઈસમની અટકાયત કરવામાં આવી છે અને તેની સઘન તપાસમાં હાલ એજન્સીઓ કરી રહી છે.

ગુજરાત એટીએસ દ્વારા અમદાવાદ, સુરત અને બનાસકાંઠામાં આ કેસની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૫ જેટલા લોકોની અટકાયત કરવામાં આવી છે. હાલ તેમની પૂછપરછ ચાલી રહી છે. ગુજરાતમાં પીએફઆઈ સક્રિય નથી પરંતુ તેમની રાજનૈતિક પાર્ટી એસડીપીઆઈ છે. જે ૧૫ લોકોને પકડવામાં આવ્યા છે તેમના તાર વિદેશોમાં બેઠા કેટલાક લોકો સાથે હોવાનું સામે આવ્યુ છે. હાલ ગુજરાત એટીએસ આ લોકો સાથે પૂછપરછ કરીને વધુ તપાસ કરી રહી છે.

એ યાદ રહે કે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી સહિત અન્ય એજન્સીઓએ આજે ફરી એકવાર દેશભરમાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના અનેક સ્થળો પર દરોડા પાડ્યા છે. આજે લગભગ ૧૭૦ સદસ્યોની અટકાયત કરી છે આ દરમિયાન ૮ રાજ્યોમાં પોલીસે દરોડા પાડ્યા છે. તાજેતરમાં જ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ૧૩ રાજ્યોમાં દરોડા પાડ્યા હતા અને ૧૦૦ થી વધુ પીએફઆઈ કાર્યકરોની અટકાયત કરી હતી.

## ઐતિહાસિક દિવસ : સુપ્રીમ કોર્ટે આજથી તેની બંધારણીય બેંચની કાર્યવાહીનું લાઈવ સ્ટ્રીમિંગ કર્યું



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ માટે આજે ઐતિહાસિક દિવસ હતો. સુપ્રીમ કોર્ટે આજથી તેની બંધારણીય બેંચની કાર્યવાહીનું લાઈવ સ્ટ્રીમિંગ કર્યું હતું. પ્રથમ કેસ સેના વિરૂધ્ધ સેનાનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.મુખ્ય ન્યાયાધીશ યુયુ લલિતની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું કે, સુપ્રીમ કોર્ટ પાસે ટૂંક સમયમાં લાઈવ-સ્ટ્રીમ માટે પોતાનું પ્લેટફોર્મ હશે. સુપ્રીમ કોર્ટે આજે પ્રથમ વખત બંધારણીય બેંચની સુનાવણીનું જીવંત પ્રસારણ કર્યું હતું. હવે સામાન્ય લોકો પણ કોર્ટની સુનાવણી જોઈ શકશે. આજથી બંધારણીય કેસોનું જીવંત પ્રસારણ થશે. સુપ્રીમે બંધારણીય બેંચ સમક્ષ કેસોની સુનાવણીનું જીવંત પ્રસારણ કરવાની વ્યવસ્થા કરી છે. આ કેસોમાં ઈડબ્લ્યુએસ આરક્ષણ, મહારાષ્ટ્ર શિવસેના વિવાદ, દિલ્હી-કેન્દ્ર વિવાદનો સમાવેશ થાય છે. ગયા અઠવાડિયે જ સુપ્રીમ કોર્ટમાં સુનાવણીનું લાઈવ સ્ટ્રીમિંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બંધારણીય બેંચના કેસના જીવંત પ્રસારણ માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલમાં બંધારણીય બાબતોનું જીવંત પ્રસારણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સીજેઆઈ યુયુ લલિતની અધ્યક્ષતામાં ફુલ કોર્ટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજથી માત્ર ચાર વર્ષ પહેલા ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ તત્કાલિન ચીફ જસ્ટિસ દીપક મિશ્રાની અધ્યક્ષતાવાળી બેંચે બંધારણીય મહત્વની બાબતોમાં મહત્વપૂર્ણ કાર્યવાહીનું લાઈવ ટેલિકાસ્ટ અથવા વેબકાસ્ટ કરવાનો ઐતિહાસિક નિર્ણય આપ્યો હતો. બેન્ચે ચુકાદો આપતા કહ્યું હતું કે "સૂર્યપ્રકાશ શ્રેષ્ઠ જંતુનાશક છે".ભારતના મુખ્ય ન્યાયાધીશ ઉદય ઉમેશ લલિતની આગેવાની હેઠળની બેંચે જણાવ્યું હતું કે, યુટ્યુબનો ઉપયોગ કરવાને બદલે તેની કાર્યવાહીને લાઈવ-સ્ટ્રીમિંગ કરવા માટે શીર્ષ અદાલત પાસે ટૂંક સમયમાં તેનું પોતાનું પ્લેટફોર્મ હશે.

અગાઉ માહિતી મળી હતી કે, સુપ્રીમ કોર્ટ યુટ્યુબ દ્વારા કાર્યવાહીને લાઈવ-સ્ટ્રીમ કરી શકે છે અને બાદમાં તેને તેના સર્વર પર હોસ્ટ કરી શકે છે. લોકો કોઈપણ મુશ્કેલી વિના તેમના સેલ ફોન, લેપટોપ અને કોમ્પ્યુટર પર કાર્યવાહીને ઍક્સેસ કરી શકશે.

## પાક.ઈન્ટેલિજન્સ એજન્સી સાથે સંકળાયેલ શખ્સની અમદાવાદના કોટ વિસ્તારમાંથી ધરપકડ

અમદાવાદ,

અમદાવાદ ક્રાઈમ બ્રાંચએ પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરી છે. અમદાવાદ શહેરના કોટ વિસ્આતારમાંથી આ પાકિસ્તાની જાસુસ ની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે આ જાસૂસની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદ ક્રાઈમ બ્રાંચે શહેરના કોટ વિસ્તારમાંથી પાકિસ્તાન એજન્સી સાથે સંકળાયેલ વ્યક્તિની ધરપકડ કરી છે. તેમજ તેની પાસેથી સિમ કાર્ડ પાકિસ્તાન મોકલતો હોવાનુ સામે આવ્યું છે. હાલ પોલીસે પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરી કઈ કઈ પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે તે અંગે પૂછપરછ હાથ ધરી છે.

પ્રાથમિક માહિતી મુજબ અમદાવાદ ક્રાઈમ બ્રાંચને છેલ્લા કેટલાક દિવસમાં બાતમી મળી હતી કે શહેરના કોટ વિસ્તારમાંથી એક વ્યક્તિ પાકિસ્તાની એજન્સીને કોઈને કોઈ રીતે અહીંથી માહિતી પહોંચાડતો હતો.અથવા કોઈને કોઈ રીતે પાકિસ્તાન એજન્સીને મદદ કરી રહ્યો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે તેના પર વોચ ગોઠવી હતી અને હવે ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાંચ સુત્રોના જણાવ્યા અનુસાર પકડાયેલ આ વ્યકિત ભારતીય સીમ કાર્ડ પાકિસ્તાન પહોંચાડતો હતો. ત્યારે પાકિસ્તાની એજન્સીઓ આ સીમ કાર્ડમાં ભારતમાં જાસૂસી કરવા માટે ઉપયોગ કરતી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આમ તો ભારતીય સીમ કાર્ડ નેટવર્કના હિસાબે જોઈએ તો પાકિસ્તાનમાં કામ આવતા નથી. પરંતુ ગુજરાત અને પાકિસ્તાનની લેન્ડ બોર્ડર છે તેના નજીકના કેટલાક ગામડા છે પાકિસ્તાન તરફના ત્યાંથી ક્યારેક પાકિસ્તાનમાં નેટવર્ક પકડાતુ હોય છે. જેથી આ પાકિસ્તાની એજન્સીઓ તેનો દૂરઉપયોગ કરી શકે છે.

## શિવસેના વિવાદમાં ઉદ્ધવને મોટો ફટકો : સુપ્રીમ કોર્ટે કહ્યું-પાર્ટી પર શિંદે જૂથના દાવા અંગે ચૂંટણીપંચની કાર્યવાહી પર સ્ટે નહીં





નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે મંગળવારે શિવસેના વિવાદમાં એકનાથ શિંદે જૂથને મોટી રાહત આપી છે. જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બંધારણીય બેન્ચે પાર્ટી પર શિંદે જૂથના દાવા પર ચૂંટણીપંચની કાર્યવાહી પરનો સ્ટે હટાવી લીધો છે. હવે પંચ શિવસેનાના ચૂંટણી ચિહ્ન પર નિર્ણય લઈ શકે છે. ઉદ્ધવ ઠાકરે માટે આને મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે, કારણ કે ઉદ્ધવે આ મામલે ધારાસભ્યોની યોગ્યતા નક્કી ન થાય ત્યાં સુધી ચૂંટણીપંચની કાર્યવાહી પર રોક લગાવવાની માંગ કરી હતી.

સુપ્રીમ કોર્ટ માટે મંગળવારનો દિવસ ઐતિહાસિક છે. આજથી લોકો બંધારણીય બેંચની સુનાવણીનું લાઈવ સ્ટ્રીમિંગ થયું હતું. તેની શરૂઆત આજે ઉદ્ધવ વિરુદ્ધ શિંદે કેસથી થઈ હતી. આ દરમિયાન ઉદ્ધવ જૂથ તરફથી સિનિયર એડવોકેટ કપિલ સિબ્બલે દલીલ કરી. તેમણે કહ્યું- 'આ બધું ૨૯ જુલાઈના કોર્ટના આદેશને કારણે થયું છે. જ્યારે ગેરલાયકાતનો મામલો પેન્ડિંગ છે, ત્યારે ચૂંટણીપંચ કેવી રીતે પ્રતીક પર નિર્ણય લઈ શકે. બીજી તરફ બેચે કહ્યું હતું કે અમે આ મામલાને જલદી ઉકેલવા માગીએ છીએ.

## ભારત-પાકિસ્તાન બંને અમારા સહયોગી : અમેરિકા



નવીદિલ્હી,

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે સુરક્ષા ઉપકરણોની જાળવણીના નામે પાકિસ્તાનને ૪૫૦ મિલિયન ડોલરનું ફંડ આપવાના મામલે નિંદાત્મક નિવેદન આપ્યું હતું. જેના પર હવે અમેરિકા તરફથી પ્રતિક્રિયા સામે આવી છે. અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા નેડ પ્રાઈસે કહ્યું કે, અમે ભારત અને પાકિસ્તાન બંનેને અલગ સાથી તરીકે જોઈએ છીએ. અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા નેડ પ્રાઈસે કહ્યું કે, અમે ભારત અને પાકિસ્તાન સાથેના અમારા સંબંધોને એ રીતે જોતા નથી કે તે બે દેશો એકબીજા સાથે કેવી રીતે સંબંધ ધરાવે છે. પ્રાઈસે વધુમાં કહ્યું હતું કે, બંને દેશો અમારા સાથી છે અને અમેરિકા પણ બંનેને સાથી તરીકે જુએ છે કારણ કે, ઘણી બાબતોમાં અમારા શેર મૂલ્યો અને વધુ સામાન્ય હિતો છે. નેડ પ્રાઈસે વધુમાં કહ્યું કે, અમેરિકા આ બે પાડોશી દેશો વચ્ચેના સંબંધોમાં સકારાત્મકતા જોવા માટે તમામ પ્રયાસ કરવા માંગે છે. મહત્વનું છે કે, વોશિંગ્ટનમાં ભારતીય-અમેરિકનો દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં એફ-૧૬ જાળવણી પેકેજ અંગેના પ્રશ્નના જવાબમાં વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, દરેકને ખબર છે કે એફ-૧૬ ફાઈટર જેટનો ઉપયોગ ક્યાં અને કોના માટે થાય છે. એસ જયશંકરે વધુમાં કહ્યું કે, તમે આવી વાત કરીને કોઈને મૂર્ખ બનાવી શકતા નથી. આ તરફ અફઘાનિસ્તાનમાં સત્તા પર કબજો કરવા માટે પાકિસ્તાન દ્વારા તાલિબાનને આપવામાં આવેલી મદદ વિશે પૂછવામાં આવતા પ્રવક્તા નેડ પ્રાઈસે કહ્યું કે જ્યારે પણ અમારા સુરક્ષા સહયોગીઓની વાત આવે છે ત્યારે અમે તેમની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખીએ છીએ.

## જાપાનના પૂર્વ વડાપ્રધાન શિંજો આબેના રાજકીય અંતિમસંસ્કારમાં મોદી સામેલ થયા



ટોકયો,

જાપાનના ટોક્યોમાં પૂર્વ વડાપ્રધાન શિંજો આબેના રાજકીય અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતાં આ અંતિમ સંસ્કારમાં વડાપ્રધાન મોદી પણ સામેલ થયા હતાં આ દરમિયાન તેઓ ખૂબ ભાવુક જોવા મળ્યા હતા. મોદી સિવાય ઘણાં વૈશ્વિક નેતા આબેના અંતિમ સંસ્કારમાં સામેલ થયા હતાં તેમાં અમેરિકાની ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસનો પણ સમાવેશ થતો હતો આ સિવાય ૨૦થી વધુ રાષ્ટ્રાધ્યક્ષ અને શાસનાધ્યક્ષ સહિત કુલ ૧૦૦થી વધુ દેશના પ્રતિનિધિ જાપાન પહોંચ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, ૯મી જુલાઈએ નારા શહેરમાં એક ભાષણ દરમિયાન તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. શિંજો આબેને સ્થાનિક સમય અનુસાર, સવારે અંદાજે ૧૧.૩૦ વાગ્યે ઓસાકાના પૂર્વમાં નારામાં ગોળી મારવામાં આવી હતી. ત્યારે તેઓ રસ્તા પર ચૂંટણી પ્રચાર દરમિયાન ભાષણ આપી રહ્યા હતા. તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા અને સાંજે ૫.૦૩ વાગ્યે તેમને મૃત ઘોષિત કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે રાજધાની ટોક્યો પહોંચ્યા બાદ પ્રધાનમંત્રી મોદીએ જાપાની પીએમ ફુમિયો કિશિદાની સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી અને કહ્યું કે મને વિશ્વાસ છે કે, આપના નેતૃત્વમાં ભારત-જાપાનના સંબંધ વધારે મજબૂત થશે. આ બેઠક દરમિયાન બંને પક્ષથી સંબંધિત લોકો હાજર રહ્યા હતા. પીએમ મોદી આબેની પત્ની સાથે પણ મુલાકાત કરી હતી.

આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, ભારત અને જાપાનની મિત્રતાએ એક વૈશ્વિક પ્રભાવ ઊભો કરવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે. મને વિશ્વાસ છે કે, આપના નેતૃત્વમાં ભારત-જાપાન સંબંધો વધારે ઊંડા થશે. આપણે વિશ્વની સમસ્યાઓનું સમાધાનમાં એક યોગ્ય ભૂમિકા નિભાવવામાં સમર્થ બનીશું. તેમણે શિંઝ આબેને યાદ કરતા કહ્યું કે, આ દુ:ખની ઘડીમાં આજે આપણે મળી રહ્યા છીએ. ગત વખતે જ્યારે શિંઝો આબે સાથે ખૂબ લાંબી વાત થઈ અને ક્યારેય વિચાર્યું પણ નહોતું કે, તેમના વિશે આવા સમાચાર સાંભળવાનો વારો આવ.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

એન. એફ. માલીવાડ

તરફથી અભીનંદન....

મુ. માલીવાડ ફળીયું-કેલોદ,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

સી. એમ. પટેલ

તરફથી અભીનંદન....

મુ. ભાઠા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

## ઈગ્લેન્ડમાં હોટલના રૂમમાંથી ભારતીય વિકેટકીપરના ઝવેરાત અને કીમતી સામગ્રીની ચોરી

ઈગ્લેન્ડ પ્રવાસ પર ભારતીય મહિલા ક્રિકેટ ટીમ જે હોટલમાં રોકાઈ હતી ત્યાંથી વિકેટકીપર તાનિયા ભાટિયાની બેગની ચોરી થઈ હતી.તેમાં ઝવેરાક સહિત અન્ય કીમતી સામગ્રી હતાં જે ગુમ થઈ ગઈ છે.તાનિયાએ ખુદ ટ્વીટ કરી તેની માહિતી આપી છે.તેમણે સુરક્ષા વ્યવસ્થા પર સવાલ ઉઠાવતા કહ્યું કે લંડનની મેરિયટ હોટલના રૂમમાંથી તેની બેગની ચોરી થઈ છે.એ યાદ રહે કે ટીમ પ્રવાસથી પાછી આવી ચુકી છે અને તાનિયાને એક પણ મેચ રમવાની તક મળી ન હતી.તાનિયાએ તેને લઈ બે ટ્વીટ કર્યા તેણે પહેલા ટ્વીટમાં કહ્યું કે મેરિયટ હોટલ લંડન મૈડા વેલના પ્રબંધનથી આશ્ચર્યચકિત અને નિરાશ છું.તાજેતરમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમના ત્યાં રહેવા દરમિયાન કોઈએ મારા રૂમમાં પ્રવેશ કર્યો અને રોકડ,કાર્ડ ઘડીયાળ અને આભૂષણની સાથે મારી બેગ ચોરી કરી લીધી.મેરિયટ બોનબોય ખુબ અસુરક્ષિત છે.

## પંજાબમાં પરાલી બાળતા ખેડૂતો પર નહિ થાય કોઈ કાર્યવાહી

ચંદીગઢ,

પંજાબના ખેડૂતો માટે રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યના કૃષિ મંત્રી કુલદીપ સિંહ ધાલીવાલે મોટી જાહેરાત કરી છે. એવુ કહેવામાં આવી રહ્યુ છે કે પંજાબ સરકારે પરાલી સળગાવનારા ખેડૂતો સામે કોઈ કાર્યવાહી નહિ કરવાનો નિર્ણય લીધો છે.તમને જણાવી દઈએ કે આ પહેલા પરાલી સળગાવનારા ખેડૂતો પર મેમો ફાડવામાં આવ્યા છે પરંતુ આ વખતે ખેડૂતોને મોટી રાહત આપવામાં આવી છે. પંજાબ સરકાર દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે આ વખતે જે ખેડૂતો પરાલી સળગાવે છે તેમના માટે કોઈપણ પ્રકારનુ ચલણ કાપવામાં આવશે નહિ. પંજાબ સરકાર ખેડૂતોને તમામ સંભવ મદદ કરવા માટે તૈયાર છે પરંતુ ખેડૂતો પર પરાલી સળગાવવા પર કોઈ કડકાઈ કરવામાં નહિ આવે. નોંધનીય છે કે તાજેતરમાં જ પંજાબ સરકારે કડકાઈ દાખવતા વહીવટીતંત્રને ખેડૂતોના રેવન્યુ રેકોર્ડમાં રેડ એન્ટ્રી કરવાની સાથે જ પરાલી સળગાવવા માટે દંડની પણ સૂચના આપી હતી. જેના કારણે ખેતીવાડી વિભાગ તરફથી વિવિધ સાધનોની સબસીડી, જમીન પર લીધેલી લોન સહિતની અનેક સુવિધાઓથી ખેડૂતો વંચિત રહી શકે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકા ટીચર્સ કો.સો.ના સત્તાધીશો દ્વારા ચલાવાતો મનસ્વી, આપખુદશાહી ગેરવહીવટ

## જીલ્લા રજી.થી લઈ રાજ્ય અધિ.રજી. (અપીલ)ના હુકમો છતાં ૬ સભાસદોને સભાસદ પદેથી દુર કરાયા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,


સંત તાલુકા ટીચર્સ કો.ઓ. સોસાયટીની ૬૪મી વાર્ષિક સાધારણ સભા ચેરમેન શાંતિલાલ સહાનીના અધ્યક્ષ સ્થાને કડાણાના નંદીનાથ મહાદેવ ઘોડીયાર ખાતે મળી હતી. જેમાં ૧૫૦ જેટલા સભા સદોએ હાજરી આપી હતી. એજન્ડા મુજબ કાર્યવાહી શરૂ થઈ પણ એજન્ડા વાંચવામાં આવતા ૯૫% સભાસદો દ્વારા વિરોધ થતાં તેના પર ચર્ચા કરવા દેવામાં આવતી ન હતી. ૧૭ લાખ જેટલા પરચુરણ ખર્ચ બાબતે સભાસદો દ્વારા પૂછવામાં આવતા સંતોષકારક જવાબ આપવામાં આવેલ ન હતો અને હવાલે પાડી દીધા તેમ જણાવતા તેની વિગતો માંગતા અધ્યક્ષ કાંઈપણ ખુલાસો કરી શકેલ ન હતા. મંડળીનાં હિત માટે ઉપલી કક્ષાએ સાચી રજુઆત કરનાર ૮ સભાસદોને જિલ્લા રજિસ્ટાર સ.મં. મહીસાગર તથા રાજ્ય અધિક રજિસ્ટાર (અપીલ) દ્વારા ક્લીનચીટ આપી ૮ સભાસદોના તમામ હકો ચાલું કરવામાં આવે તેવા લેખિત હુકમો મંડળીને કરવા છતાં સરકારી હુકમોનો અનાદર કરી સોસાયટીના ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવી રહેલા છ સભાસદોને ચેનકેન પ્રકારે દુર કરવા ફરી તા.૨૫/૯/૨૦૨૨ની સાધારણ સભામાં ઠરાવ કરવા પ્રસ્તાવ મુકતાં જ આખી સભાએ બહુમતિથી નામંજૂર નામંજૂર ના નારા લગાવતાં સભાના અધ્યક્ષ શાંતિલાલ સહાની તથા તેમના ચેલાંઓ સભાનાં બહુમતિ સભાસદો મિજાજ પારખીસભાને પૂર્ણ થયેલી જાહેર કરી સભા સ્થળ છોડી ચાલી ગયા હતા.

આમ, કોઈ પણ જાતના ઠરાવો પાસ થયાં વિના સભા પૂર્ણ થઈ હતી. સંત તાલુકા ટીચર સોસાયટીમાં જિલ્લા રજીસ્ટરે પાંચમી તારીખના રોજ હુકમ અને સૂચના આપવામાં આવેલી કે, છ સભાસદોની સમાવેશ કરવા માટેની હુકમ કરવામાં આવેલો હતો. તેમ છતાંય સંત તાલુકા ટીચર સોસાયટીના ચેરમેનની સત્તા ન હોવા છતાં અને રજીસ્ટર નો હુકમનો અમલ કરવામાં ન આવેલો હતો. ઘોડીયાર ખાતે સાધારણ સભાનો ૯૦ ટકા ઉપરાંત સભાસદોએ તેનો વિરોધ દર્શાવિલો હતો. જિલ્લા રજીસ્ટારે પાંચમી તારીખના રોજ ઓર્ડર મુજબ છ શિક્ષક સભાસદોની સમાવેશની ઓર્ડર કરવામાં આવેલો હતો. તાવિયાડ વિરેન્દ્રસિંહ ગલાસી, પારગી પ્રવિણકુમાર મગજીભાઈ, પટેલ હસમુખલાલ કોદરભાઈ, મછાર સરદારસિંહ જ્યોતિષભાઈ, લબાના પર્વતસિંહ નટવરસિંહ, કટારા રમેશભાઈ ભુરાભાઈ રજીસ્ટરનો હુકમ કર્યા પછી પણ ચેરમેને પોતાની મનમાની કરીને હુકમનું પાલન કરેલું ન હતું. પોતાની મનમાની ચલાવી હતી. મળતી માહિતી મુજબ સાધારણ સભામાં ૧૭ લાખનો પરચુરણ ખર્ચનો હિસાબ માંગતા કોઈ જવાબ આપવામાં આવેલો ન હતો. આ સાધારણ સભામાં ૯૦ ટકા ઉપરાંત શિક્ષકોએ તેનો વિરોધ કર્યો હતો અને પૂછવામાં આવેલું કે તમે ક્યા કારણસર આ છ સભાસદોની સસ્પેન્ડ કરેલા છે, પરંતુ ચેરમેને કોઈ પણ પ્રકારનો જવાબ આપી શક્યા નહીં.

# સંતરામપુર પાલિકાના વોર્ડ નં.૪ના ચુંટાયેલા સભ્યોના વિસ્તારમાં વિકાસના કામો ન થતાં આમરણાંત ઉપવાસ પર ઉતર્યા

સંતરામપુર,

સંતરામપુર નગરમાં પ્રથમ ઘટના વોર્ડ નંબર-૪ ના ચૂંટાયેલા સભ્યો પોતાના વિસ્તારમાં વિકાસના કામોના થતા આમરણાંત ઉપવાસ પર ઉતર્યા ઓફિસર અને પ્રમુખની બાંહેધરી બાદ પારણા કર્યા. સંતરામપુર નગરમાં નગર પાલિકા વિસ્તારમાં વોર્ડ નંબર-૪ માં વણકર મનુભાઈ નાથાભાઈ નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો અને વિરોધ પક્ષના નેતા છેલ્લા ચાર વર્ષથી પોતાના વિસ્તારમાં વારંવાર ઉચ્ચકક્ષાએ અને સંતરામપુર નગર પાલિકામાં વિકાસના કામો માટે લેખિતમાં એ મૌખિકમાં રજૂઆત કરવા છતાંય કામગીરી કરવામાં આવેલી ન હતી. પોતાના જ વિસ્તારમાં રસ્તા ગટર પાણી સફાઈ લાઈટ વગેરે અન્ય કામો અને ખાસ કરીને પોતાના વિસ્તારની અંદર આંગણવાડી કેન્દ્રની બાજુમાં ૨૭૨ આવાસો બનાવવા માટે દિવાલ તોડી પાડવામાં આવેલી હતી. પોતાના જ વિસ્તારમાં કામો કરાવવા માટે ચૂંટાયેલા સભ્યો હોવા છતાંય બાય



બાય ચાયણી કરવી પડતી હોય છે. વારંવાર નગરપાલિકાના ચીફ ઓફિસરની અને વોર્ડ નંબર-૪ માં નગરપાલિકાના પ્રમુખ હોવા છતાં કામગીરી ના થતા આજે મનુભાઈ વણકર ગાંધી ચિંતારમાર્ગ અપનાવીને નગરપાલિકાના ગેટ આગળ જ ઉપવાસ પર ઉતરેલા હતા. જ્યારે નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ તમામની હાજરીમાં અને બાંહેધરી લેખિતમાં આપવામાં આવેલી કે એ તમારી માંગણી અને તમારા કામો પૂર્ણ કરી દેવામાં આવશે. તમે આ ઉપવાસને પારણા કરેલા હતા.

# સદભાવના મિશન ક્લાસ બહારપૂરા ગોધરામા મફત શિક્ષણ કોચિંગ ક્લાસમાં પ્રથમ સત્ર પરીક્ષાઓની પુર્વ તૈયારીઓ કરતાં વિદ્યાર્થીઓ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના પાટનગર ગોધરા શહેરમાં કેટલાય વર્ષોથી બહારપૂરા સ્લમ વિસ્તારના ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણ કોચિંગ ક્લાસ અભ્યાસ છેલ્લાં ૧૪ વર્ષ થી બાળકોને શિક્ષણ શિક્ષક ઈમરાન આપી રહ્યા છે. કોરાના કાળ દરમિયાન બાળકો શિક્ષણથી વંચિત રહ્યા હતા. તેમનું શિક્ષણ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું પરંતુ ગોધરા શહેરના ખ્યાતનામ શિક્ષક ઈમરાનના ઉમદા કાર્યથી હજારો વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શિક્ષણથી વંચિત એવા બાળકોને શિક્ષણ આપી તેમાંથી કેટલાક બાળકો ભણી ગણીને કોલેજ માંથી પદવી મેળવી જોબ કરતાં થઈ ગયા છે.



શિક્ષણ થકી આવાં અનેક ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને પ્રોત્સાહિત કરી પ્રથમ સત્ર શરૂ થઈ જાય તે પહેલાં સદભાવના મિશન ક્લાસમાં અભ્યાસ અર્થે આવતાં વિદ્યાર્થીઓને પરીક્ષાની બધીજ રીતે અલગ અલગ વિભાગ પાડી જે તે ધોરણ વાઈઝ અભ્યાસ કરાવી પરીક્ષાનો પ્રારંભ સમયે કોઈ ડર કે ધભરામણ વિના પોતાની શાળાઓમાં પરીક્ષા આપવા માટે તૈયારી દર્શાવી છે. તેમાં સ્પષ્ટ શબ્દો, મરોડદાર અક્ષરો જે તે પ્રશ્નોના મુંઝાવતા સવાલો વગેરે જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પરીક્ષામાં પુછાતા અસાઈનમેન્ટની પૂર્વ તૈયારીઓ કરવામાં આવી એક માત્ર મફત શિક્ષણ કોચિંગ ક્લાસ અભ્યાસ સદ્ભાવના મિશન ક્લાસ બહારપૂરા ગોધરામાં ચલાવવામાં આવે છે. આ ક્લાસમાં ૧૩૦ થી વધુ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણ પીરસી રહ્યા છે.

ઉપકરોત જોતાં આવાં મોધવરીના કારણે કેટલાક વિસ્તારોમાં ગરીબ અને મદયમ વર્ગના બાળકોને શિક્ષણ લેવા અચૂક આવે છે. જે જોતાં સ્થાનિક લોકો, વાલીઓએ મહિલા સહિત નામાંકિત મશહૂર શિક્ષક ઈમરાનને ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે શુભકામના પાઠવી હતી કે, આવી રીતે શિક્ષણ થી વંચિત રહેલાં બાળકોને મફત શિક્ષણ કોચિંગ ક્લાસ અભ્યાસ છેલ્લાં ૧૪ વર્ષ થી આપી રહ્યા છો, જો કોઈ વ્યક્તિ હોય તો તે શિક્ષક ઈમરાન એક માત્ર આપી રહ્યા છે. તે બદલ લારા હોસ્પિટલના ખ્યાતનામ એવા ડો. સુજાત વલીએ તમામ બાળકો સારા માર્કસ સાથે પાસ થાવ અને સંસ્થાનું, ફળિયા અને તમારા પરિવારનું નામ રોશન કરો એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# ફતેપુરા અને સંજેલી તાલુકામાં ૨૭ કરોડના રસ્તાની મંજૂરી

ફતેપુરા,

ફતેપુરા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય અને વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ ફતેપુરા અને સંજેલી તાલુકામાં નવિન તેમજ તૂટી ગયેલા રસ્તાઓના નીવિનીકરણ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માને રજુઆત અને ભલામણ કરી હતી. જેમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા પંચાયત હસ્તકના વર્ષ ૨૦૨૨-૨૩ હેઠળ વિવિધ યોજનાઓ મળી કુલ અંદાજિત રકમ રૂા.૦૭.૨૦.૦૦/- કરોડ અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ ૨૦૨૨-૨૩ હેઠળ અંદાજિત રકમ રૂા.૧૯.૮૯.૦૦/- કરોડ મંજૂર કરી જોબ નંબર ફાળવવામાં આવ્યા હતા. જે બદલ દંડક રમેશભાઈ કટારાએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા મંત્રી જગદીશભાઈ વિશ્વશ્રકર્મા (પંચાલ)નો ખુબ ખુબ આભાર માન્યો હતો. છેવાડાના વિસ્તારો હવે મુખ્ય માર્ગો સાથે જોડાશે. જેમાં પ્રજાને વિવિધ સુવિધાઓ પ્રાપ્ત થશે.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

**અખિલ ભારતીય સંત સમિતી ગુજરાત દ્વારા હિન્દુ ધર્મ સેના પદાધિકારી તરીકે મહીસાગર જિલ્લાના તેમજ લુણાવાડા તાલુકાના પદાધિકારીઓ તરીકે જિલ્લાના મીડિયા કન્વીનરમાં દિનેશ રાવલ મલેકપુર તેમજ સહ કન્વીનર તરીકે લુણાવાડાના ઉજ્જવલ દવે તેમજ આઈ. ટી. સેલમાં જિલ્લામાં ધ્રુવ દરજી તેમજ લુણાવાડા તાલુકા મહામંત્રીમાં રાકેશભાઈ તેમજ જુદા જુદા દરેક હોદ્દાઓની નિયુક્તિ કરવામાં આવી છે.**

# દાહોદ પોલીસે છાપરી ખાતે વાહન ચેકીંગ દરમિયાન અમદાવાદ થી ચોરી થયેલ ડમ્પર સાથે ઈસમને ઝડપ્યો

દાહોદ,

દાહોદ બી ડિવિઝન પોલીસે છાપરી ખાતે વાહન ચેકીંગ દરમિયાન અમદાવાદથી ચોરી થયેલા ડમ્પર ટ્રક સાથે ચાલકને ઝડપી પાડી અમદાવાદના અન્ડીટેક્ટ ગુનાને ડિટેક્ટ કરવામાં આવ્યો

દાહોદ બી ડિવિઝન પોલીસ છાપરી ખાતે કોલેજ રોડ ઉપર વાહન ચેકીંગ કરી રહી હતી. તે સમયે એક નંબર વગરનું ડમ્પર આવતા તેનો પોલીસે ઈસારો કરી રોકાવી તેના ચાલકનું નામ પૂછતાં તેને તેનું નામ પંકજકુમાર ગુલાબ ભાભોર (રહે. ધાવડીયા, સીમલીયા ફળિયુ તા. ઝાલોદ જિ. દાહોદ) જણાવ્યું હતું. તેની પાસેના ડમ્પર ટ્રકના આરટીઓ રજીસ્ટ્રેશનના કાગળો માંગતા તે ના હોવાનું જણાવ્યું હતું. જોકે, ડમ્પરમાં આગળ પાછળ નંબર પ્લેટ ના હોવાના કારણે પોલીસે પોકેટ કોપ ઈ ગુજકોપ એપ્લિકેશનના માધ્યમથી પોલીસે તે ડમ્પરનો ચેચિસ નંબર એન્જીન નંબરને સર્ચ કરતા તે ડમ્પર અમદાવાદ શહેરના સરખેજ ચોરી થયાં હોવાનું જાણવા મળ્યું હતું અને આજ પકડાયેલા ઈસમ દ્વારા આ ડમ્પરની ચોરી અમદાવાદ ખાતેથી કરી હોવાની કબૂલાત પોલીસ સમક્ષ કરી હતી. ત્યારે દાહોદ બી ડિવિઝન પોલીસને અમદાવાદના ડમ્પર ચોરીના અન્ડીટેક્ટ ગુનાને ડિટેક્ટ કરવામાં સફળતા મળી હતી. ત્યારે પોલીસે ડમ્પરનો કબ્જો મેળવી આરોપીની અટકાયત કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**ગુજરાતમાં જેમ જેમ વિધાનસભાની ચૂંટણીઓના દિવસો નજીક આવી રહ્યા છે. તેમ તેમ દરેક રાજકીય પાર્ટીઓ સક્રિય થતી જોવા મળી રહી છે. ત્યારે આજરોજ દાહોદ શહેરમાં કોંગ્રેસ દ્વારા ગુજરાત કોંગ્રેસ ચુવા પરિવર્તન યાત્રા બાદ દાહોદ શહેરના વિશ્રામ ગૃહ ખાતેથી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ કાર્યકારી પ્રમુખ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની ઉપસ્થિતિમાં શહેરમાં મશાલ રેલી યોજવામાં આવી હતી. જે રેલી વિશ્રામ ગૃહ ખાતેથી નીકળી સરસ્વતી સર્કલ થઈને દાહોદ શહેરના વિવિધ રાજ માર્ગો ઉપર ફરી હતી.**

# ગરબાડા તાલુકાના અભલોડ મુખ્ય પ્રાથમિક શાળામાં બાળકો માટે સૌપ્રથમ વખત 3D શોનું આયોજન કરવામાં આવ્યું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના અભલોડ મુખ્ય પ્રાથમિક શાળામાં સરકારી શાળાના બાળકો માટે એક નવો જ અનુભવ થાય તેવું આયોજન તે જ પ્રાથમિક શાળાના ગણિત અને વિજ્ઞાનના શિક્ષક એવા પરમાર અશ્વિનભાઈ હીરાભાઈ તથા પરમાર સુમિત કુમાર પૂનમચંદ દ્વારા કરવામાં આવ્યો. જેમાં તેમને તમામ સ્ટાફનો તથા આચાર્યનો પૂરેપૂરો સહયોગ મળ્યો. જેમાં ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકોને નવી જ ટેક્નોલોજીથી માહિતગાર થાય તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને મજા આવે તેવા જંગલ સફારી તથા વિજ્ઞાનની અવનવી ઘટનાઓ જેવી કે પૃથ્વીની ઉત્પત્તિ, ડાયનોસર પાર્ક, સમુદ્રી સફર, અંતરીક્ષની સફર, જેવા મુદ્દાઓ પર બાળકોને સરસ મજાના શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગરબાડા તાલુકાના બી.આર.સી કો-ઓર્ડીનેટર એવા ગુપ્તા પ્રિયકાન્ત રમણલાલ તથા અભલોડ ક્લસ્ટરના સી.આર.સી તંબોલીયા શૈલેષકુમાર નારણભાઈ એ હાજર રહી આ શો નિહાળ્યો હતો. આવી નવી જ ટેક્નોલોજીનું નિદર્શન કર્યા બાદ બાળકોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો.


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

**ઝાલોદ નગરનું કેળવણી મંડળે નગરની સહુથી મોટી શૈક્ષણીક સંસ્થા છે. કેળવણી મંડળના ચૂંટાયેલા પ્રતિનિધિઓની કેળવણી મંડળના હોલમાં એક મીટિંગ યોજાઈ હતી.**

## આપની આજ.......

મેષ : તમારા માટે આજનો દિવસ ખાસ છે અને તમે તમારા પરિવારના સભ્યો સાથે ખુશીથી દિવસ વિતાવશો. સુખ આવશે અને પરિવારમાં ખુશીઓ રહેશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. ભેટો અને માન-સન્માનના લાભ મળશે. અન્યનો સહયોગ લેવામાં સફળ રહેશો. મુસાફરીમાં સુખ-લાભ બંને પ્રાપ્ત થશે.

મિથુન : આજે તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. ભેટો અને માન-સન્માનના લાભ મળશે. બીજાનો સહયોગ મેળવશો. રાજ્ય પ્રવાસ અને મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભદાયક બનશે.

કર્ક : આજે તમારા માટે શુભ પરિણામ આપવાનો છે. શાસક વહીવટ તરફથી સહાય આપવામાં આવશે. પદ, પ્રતિષ્ઠા વધશે. નજીકના મિત્ર સાથે સમાધાન થવાની સંભાવના છે. આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવશો.

સિંહ : આજનો દિવસ તમારા માટે થોડો જોખમી બની શકે છે. તમારે જરૂરિયાત મુજબ જોખમ પણ લેવું જોઈએ. આવું કરવાથી તમારા માટે સફળતાના નવા રસ્તા ખુલી શકે છે.

કન્યા : તમારા માટે આજનો દિવસ અલગ છે. કાર્યસ્થળમાં કેટલાક પરિવર્તન આવશે. તમે ક્યારેય પરિવર્તન અને બદલાવથી ડરતા નથી, પરંતુ આજે સરકાર અથવા સિસ્ટમમાંથી પરિવર્તન આવી શકે છે.

તુલા : તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશી અને સમૃદ્ધિનો દિવસ રહેશે અને તમારા પ્રયત્નો આજે વધશે અને તમને ભાગ્યનો સહયોગ મળશે. બેરોજગાર લોકોને રોજગાર મળે તેવી સંભાવના છે.

વૃશ્ચિક : આજે તમારું મન કોઈ વિશેષ પ્રકારની ઉથલપાથલમાં વ્યસ્ત રહેશે. આજે તમે ઘણા દિવસોથી અટકેલા કામ વિશે વિચારી શકો છો. નાણાકીય દિશામાં સફળતા મળશે.

ધન : આજે કોઈ કારણસર મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. પારિવારિક મુશ્કેલીઓ નડી શકે છે. આર્થિક વ્યવહારમાં સાવચેત રહેવું. કોઈની સાથે અણબનાવના કારણે મન બગડી શકે છે અને ચિંતા વધી શકે છે.

મકર : આજે તમારે ગુપ્ત શત્રુઓથી સાવચેત રહેવાની જરૂર છે. તે તમને નુકસાન પહોંચાડી શકે છે. ઈર્ષ્યાવાળા સાથીદારોથી સાવધાન રહો. નાણાકીય દિશામાં સફળતા મળશે.

કુંભ : રોગથી પરેશાન એવા લોકો માટે આજનો દિવસ ખાસ બની શકે છે. તેઓને આજે પૂર્ણ લાભ થશે તેવી અપેક્ષા છે. આજે તમારું સ્વાસ્થ્ય ખૂબ સારું રહેશે. જે તમારું મન પ્રસન્ન કરશે.

મીન : આજનો દિવસ તમને વિજયના સંકેત આપી રહ્યો છે. તમે જૂના ઝઘડાથી છૂટકારો મેળવશો. વ્યાવસાયિક પ્રતિષ્ઠા વધશે. ભેટો અને માન-સન્માનના લાભ મળશે.

## શું RNI-DAVPની ડેટા ગેઈમ

# અનેક સમાચાર પત્રોને DAVPની પેનલમાંથી હટાવાય તેવી આશંકા

## શું RNIને મંત્રાલય દ્વારા મૌખિક આદેશ આપવામાં આવ્યો છે કે પ્રકાશકોને એટલા પરેશાન કરો કે તે આગળની કાર્યવાહી કરતા પહેલા જ ભાગી જાય

નવીદિલ્હી,

આરએનઆઈ-રજીસ્ટ્રાર ઓફ ન્યુઝ પેપર ઓફ ઈન્ડિયા (આરએનઆઈ) કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ વિભાગનો ભાગ છે.આ વિભાગ સમાચાર પત્ર,પત્રિકાઓ અને સમાચાર જર્નલ્સને રજીસ્ટ્રર પ્રમાણ પત્ર જારી કરવાથી લઈ પ્રસાર સંખ્યા અને સમાચાર પત્રોના પ્રકાશનથી સંબંધિત વિવિધ વિષયોનું સમાધાન કરે છે.પરંતુ હાલમાં તેની કામગીરીને લઈને સવાલ ઉભા થઈ રહ્યાં છે.

એ યાદ રહે કે વર્ષ ૨૦૧૬માં માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા નવી મીડિયા પોલીસી જારી કરવામાં આવી હતી જેમાં અનેક રીતના પરિવર્તન કરવામાં આવ્યા હતાં (ન્યુઝ વેબસાઈટ ફેક્સ્ટી અનુસાર ૨૮ મે ૨૦૧૫ સુધી આરએનઆઈમાં લગભગ એક લાખથી વધુ સમાચાર પત્રો અને પત્રિકાઓ રજીસ્ટ્રર હતી) આરએનઆઈના દિશા નિર્દેશ અનુસાર તમામ રજીસ્ટ્રર સમાચાર પત્રોને દર વર્ષે પોતાનો વાર્ષિક રિપોર્ટ આરએનઆઈમાં રજુ કરવાનો હોય છે પરંતુ રજીસ્ટ્રર સંખ્યાનું ખુબ મુશ્કેલથી ૩૦થી ૩૫ ટકા સુધી જ વાર્ષિક વિવરણ રજુ કરવામાં આવતું હતું આ સંખ્યાને વધારવા માટે આરએનઆઈ દ્વારા પૂર્વમાં અનેક પ્રયાસ કરવામાં આવ્યા હતાં.કહેવાય છે કે આ સંબંધમાં દેશભરના તમામ જીલાધિકારીઓને પોતાના જીલ્લાથી પ્રકાશિત સમાચાર પત્ર અને પત્રિકાઓની સ્થિતિની બાબતમાં જાણકારી આપવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ કેટલી અને શું માહિતી મળી તેનું વિવરણ જાહેર ઉપલબ્ધ નથી ૧૫ ડિસેમ્બર ૨૦૧૭ની પીઆઈબીના એક સમાચાર અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં લગભગ ૩૧ હજાર પ્રકાશકોએ પોતાનું વાર્ષિક વિવરણ રજુ કર્યું જો કે આજની સ્થિતિ અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

આ સ્થિતિને જોતા એવા સવાલો ઉભા થઈ રહ્યાં છે કે આરએનઆઈને મંત્રાલય દ્વારા કદાચ એ મૌખિક આદેશ આપવામાં આવ્યો છે કે પ્રથમ તબક્કામાં જ પ્રકાશકોને એટલા પરેશાન કરવામાં આવે કે તેઓ આગળની કાર્યવાહી કરતા પહેલા ભાગી જાય આરએનઆઈની કાર્યશૈલી પહેલેથી જ ખરાબ રહી છે.૨૦૧૬ બાદ તે વધુ ખરાબ થઈ ગઈ છે. બાકી હતું તેમ કોવિડ સમયગાળાએ પુરી કરી દીધી આજે આરએનઆઈની સ્થિતિ એ છે કે કેટલી અરજીઓ વિભાગમાં અધુરી પડી છે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે.

સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર મે ૨૦૨૨ પહેલા સુદી પ્રકાશકોએ જે દસ્તાવેજ જમા કરાવ્યા હતાં તેના પર કાર્યવાહી ચાલી રહી છે.જયારે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઓનલાઈન વાર્ષિક વિવરણ રજુ કરવા માટે આરએનઆઈ દ્વારા અંતિમ સમયસીમા ૩૧ જુલાઈ ૨૦૨૨ નક્કી કરવામાં આવી હતી પરંતુ ઓનલાઈન વિવરણ ભરવામાં થઈ રહેલી ટેકનીકી મુશ્કેલીઓ અને ગત વર્ષોની બાકીના વિવરણના દંડ વસુલવા માટે ૩૦ જુન ૨૦૨૨ના રોજ એક યાદી જારી કરતા આદેશ આપવામાં આવ્યો હતો કે આરએનઆઈના ગત વર્ષોના દંડ વસુલવાની સાથે વાર્ષિક વિવરણ ગમે ત્યારે પણ જમા કરાવી શકાય છે અને તેના માટે ઓનલાઈન વળતરની સુવિધા આપતા પોતાની વેબસાઈટમાં પરિવર્તન કરી દેવામાં આવ્યું.

એ યાદ રહે કે રજીસ્ટ્રર સમાચાર પત્રોના પ્રકાશકોને આરએનઆઈમાં વાર્ષિક વિવરણ રજુ કર્યા બાદ સમાચાર પત્ર પ્રકાશક દર વર્ષે ડીએવીપીના દર નવીનીકરણ માટે અરજી કરવાની હોય છે.જે ઓનલાઈન અરજીની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી છે. ડીએવીપીની વેબસાઈટ પર રજીસ્ટ્રર માટે આરએનઆઈનું ઈ ફાઈલિંગ નંબર નોંધાવાનો હોય છે. ડીએવીપીની યાદીમાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે આરએનાઈનું વિવરણ રજુ કરવાના ૨૪ કલાક બાદ ડીએવીપીમાં વિવરણ ભરવામાં આવી રહ્યું છે પરંતુ હકીકત કંઈક અલગ જ છે અને ૩૧ જુલાઈ ૨૦૨૨ની અંતિમ તારીખ બાદ જે પ્રકાશકોએ આરએનઆઈમાં વાર્ષિક વિવરણ ભર્યું છે તેમનું ઈ ફાઈલિંગ નંબર ડીએવીપીની વેબસાઈટ પર અમાન્ય જાહેર કરવામાં આવી રહ્યું છે.

આ સંબંધમાં જયારે ડીએવીપીના ટેકનીકી વિભાગ (એનઆઈસી)માં સંપર્ક કરવામાં આવ્યો તો માહિતી મળી તે અનુસાર પ્રતિ વર્ષ આરએનઆઈ,સમાચાર પત્રોના વાર્ષિક વિવરણની માહિતી (ડેટા) ડીએવીપીની સાથે સંયુકત કરે છે.ત્યારબાદ ડીએવીપીમાં વિવરણ રજુ કરવામાં આવે છે અને પ્રકાશકોને મુશ્કેલી થાય નહીં પરંતુ આ વર્ષ આરએનઆઈએ ૩૧ જુલાઈ ૨૦૨૨ બાદ જે કોઈ પણ પ્રકાશકે આરએનઆઈમાં વાર્ષિક વિવરણ રજુ કર્યું છે તેના ડેટા ડીએવીપીને સંયુકત કર્યા નથી જેને કારણે તે તમામ પ્રકાશકોને ડીએવીપીમાં દર નવીનીકરણમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આ સંબંધમાં આરએનઆઈના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે આરએનઆઈએ વાર્ષિક વિવરણ રજુ કરવાની મુદ્દત પોતાના માટે વધારી દીધી હતી ડીએવીપીને અમે જુલાઈ સુધી ડેટા સંયુકત કર્યા છે અને હવે આગળના ડેટા આગમી વર્ષ મેમાં સંયુકત કરીશું.આ સંબંધમાં ડીએવીપીના એક અધિકારીએ કહ્યું કે આરએનઆઈની માહિતી અનુસાર જ મંત્રાલયના અન્ય વિભાગ સમાચાર પત્રોની સ્થિતિથી માહિતગાર હોય છે અંતો આરએનઆઈની માહિતી કે ડેટા ફકત તેમના હોઈ શકે નહીં.વિભાગની આ કાર્યશૈલીથી એવી શંકા ઉભી થઈ છે કે જાણી જોઈને આ સ્થિતિ ઉભી કરવામાં આવી રહી છે જેથી વધુમાં વધુ સમાચાર પત્રોને ડીએવીપીની અનુસુચીથી હટાવી શકાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## રાજ્ય સરકાર દ્વારા પોલીસ વિભાગને ૫૫૦ કરોડને જાહેર સુરક્ષા પેકેજમાં જેલ કર્મીઓને બાકાત રાખતા દાહોદ જીલ્લા જેલ કર્મીઓએ આવેદન આપ્યું

દાહોદ,

ગુજરાત સરકાર દ્વારા પોલીસ વિભાગને આપવામાં આવેલ ૫૫૦ કરોડનું જાહેર સુરક્ષા પ્રોત્સાહન પેકેજમાં જેલ પોલીસ કર્મચારીઓનો સમાવેશ કરવામાં ન આવતા આજરોજ દાહોદ જિલ્લાના જેલ પોલીસ કર્મચારીઓ દ્વારા આ મામલે કલેકટરને આયોજનપત્ર આપવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની પોલીસ વિભાગની ઉત્કૃષ્ટ કામગીરી તેમજ તેઓની ફરજ પરની નિષ્ઠાને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના પોલીસ કર્મચારીઓ માટે રૂપિયા ૫૫૦ કરોડનું જાહેર સુરક્ષા પ્રોત્સાહન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પેકેજની જાહેરાત કરી હતી. જાહેરાતને પગલે પોલીસ કર્મચારીઓમાં ખુશીનો માહોલ પણ જોવા મળ્યો હતો, પરંતુ જાણવા મળ્યા અનુસાર આ ૫૫૦ કરોડના જાહેર સુરક્ષા પ્રોત્સાહનમાં જેલ પોલીસ કર્મચારીઓના સમાવેશ કરવામાં ન આવતા જેલ પોલીસ કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. જેલ પોલીસ કર્મચારીઓના જણાવ્યા અનુસાર ૨૦૧૪ થી અત્યાર સુધીની તમામ ભરતી જોડે થાય છે. બીજા બધા પરિપત્રોમાં જેલ પોલીસ કર્મચારીઓનો સમાવેશ થયેલો હોય છે પરંતુ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ૫૫૦ કરોડના જાહેર સુરક્ષા પ્રોત્સાહનમાં સમાસ કરવામાં ન આવતા કર્મચારીઓમાં નારાજગી જોવા મળી હતી. ત્યારે તેઓનો પણ જાહેર સુરક્ષા પ્રોત્સાહનમાં સમાવેશ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી સાથે આજરોજ દાહોદ જિલ્લાના જેલ પોલીસ કર્મચારીઓ દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## દાહોદ યુવા શક્તિ ગૃપ દ્વારા માઁ શક્તિ નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના મુખ્ય મથક દાહોદના સ્ટેશન રોડ પર આવેલ કેશવ માધવ રંગ મંચ (ઓપન એર થિયેટર) માં યુવા શક્તિ ગ્રુપ દાહોદ દ્વારા માં શક્તિ નવરાત્રી મહોત્સવ સંદર્ભે પત્રકારોને સંબોધતા અભિષેક મેડા દ્વારા જણાવવમાં આવ્યું હતું કે, દાહોદ શહેરની જનતા કોરોનાનાં કપરા કાળને ભૂલી હવે માં શક્તિ નવરાત્રી મહોત્સવમાં રંગે ચંગે ગરબાના તાલે ઝૂમવા માટે અમોએ આ આયોજનને તા.૨૬/૦૯/૨૦૨૨ થી તા.૦૪/૧૦/૨૦૨૨ સુધી ખેલૈયાઓ માટે ખુલ્લો મુક્યો છે. ત્યારે દરેક ખેલૈયાઓમાં નવો જોમ અને ઉત્સાહ જોવા મળી શકે છે. આ



નવલી નવરાત્રીમાં ગરબાની રમઝટ માણવા દાહોદ શહેરની જનતાને ભાવભર્યુ નિમંત્રણ છે. જેમાં પહેલા ત્રણ દિવસ સુધી ગ્રુપ ગરબા, થીમ ગરબા, કોમ્પિટિશન પણનું આયોજન કરેલ છે. જેમાં માતા બહેનોની સુરક્ષા માટે સિક્યુરિટી ગાર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. VVIP ઓ માટે અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે તથા શહેરીજનો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં સેલ્ફી પોઈન્ટ ફૂડ કોર્ટ સોશિયલ મીડિયા જેવા પ્લેટફોર્મ પણ તૈયાર કરવામાં આવ્યા છે તેનો પણ આપ આનંદ માણી શકશો. માં શક્તિ ગૃપ દ્વારા દાહોદ શહેરની જનતાને ખૂબ જ ભાવભર્યું આમંત્રણ અભિષેક મેડા તથા પુરા ગૃપ દ્વારા આપવામાં આપ્યું છે.

પ્રથમ દિવસે દાહોદ ડીડીઓ, દાહોદ ડી.વાય.એસ.પી, નગર પાલિકા પ્રમુખ તથા ધારાસભ્ય વજેસિંહ પણદા વગેરે મહેમાનો હાજર રહ્યા હતા અને ખૈલયા પણ મન મૂકી માતાજીના ગરબામાં ગરબે ઝુમ્યા હતા.

## દાહોદ યોગ વેદાત સમિતિ દ્વારા આશારામજીના આત્મ સાક્ષાત્કાર દિવસની ઉજવણી કરી જેલ મુકતા કરવા આવેદન આપ્યું



દાહોદ,

યોગ વેદાંત સમિતિ દાહોદ દ્વારા સંત આશારામજી બાપુજીના આત્મસાક્ષાત્કાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાથે જ આશારામજી બાપુજી પર લગાવવામાં આવેલ આરોગો ખોટા છે અને તેઓને જેલ માંથી મુક્ત કરવામાં આવે તે માટેનું એક આવેદનપત્ર દાહોદ જિલ્લા કલેકટરને આપવામાં આવ્યું હતું.

આજરોજ યોગ વેદાંત સેવા સમિતિ, દાહોદ દ્વારા સંત આસારામજી બાપુજીના ૫૯માં આત્મસાક્ષાત્કાર દિવસ નિમિત્તે દાહોદમાં ભવ્ય હરિનામ સંકિર્તન યાત્રા યોજવામાં આવી હતી. આ યાત્રામાં દાહોદ, મહિસાગર અને પંચમહાલ એમ ત્રણ જિલ્લાના મોટી સંખ્યામાં સાધકો જોડાયા હતા. આ યાત્રામાં આસારામજી બાપુ પર મૂકવામાં આવેલા આરોપ ખોટા છે અને તેમને જલદીથી જેલમાંથી મુક્ત કરવાની પણ લાગણી વ્યક્ત કરવામાં આવી હતી અને તે માટે દાહોદ જિલ્લા કલેકટર આવેદનપત્ર આપી રજુઆત પણ કરવામાં આવનાર છે. આ રેલી દાહોદના ગરબાડા ચોકડી થી પસાર થઈ નગરપાલિકા થઈ યાદગાર ચોકથી ગોવિંદનગર વિસ્તાર થઈ વિવિધ વિસ્તારોમા ફરી પત્રત સંત આશારામ બાપુજીના મંદિર ખાતે પહોંચી યાત્રાનું સમાપણ કરવામાં આવ્યું હતું.

## ઝાલોદ તાલુકાના લીમડી મુકામેથી ઈ-બાઈક LED દ્વારા પ્રચારનું ગણેશ કરતા દંડક રમેશ કટારા


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

તારીખ ૨૬/૦૯/૨૦૨૨ સોમવાર ના રોજ લીમડી ખાતે ૧૩૦–ઝાલોદ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા આપેલ ઈ–બાઈક, એલ એ.ડી. સ્ક્રીનના માધ્યમથી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વરમાં લાઈવ કાર્યક્રમ જોઈ શકાય તેમજ વિકાસ અનેક સિધ્ધિઓ તેમજ સરકારએ કરેલ વિકાસના કામો તેમજ અનેક સારી યોજનાઓ વિશે ૧૩૦–ઝાલોદ વિધાનસભામાં દરેક ગામના ફળિયાઓમાં માહિતીતેમજ માર્ગદર્શન મળી રહે તે માટે ઈ– બાઈકને પ્રસ્થાન કરાવતા ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારા તથા લીમડીના પૂર્વ ધારાસભ્ય અને એ.પી.એમ.સી ઝાલોદના ચેરમેન મહેશભાઈ ભુરીયા તથા વાઈસ ચેરમેન વિજયભાઈ કોળી તથા ભાજપના આગેવાન મુકેશભાઈ કણોવટ તથા જી.પં.સભ્ય લલીતભાઈ ભુરીયા, કિષ્ણારાજ ભુરીયા, સુનિલભાઈ હઠીલા, તાલુકા પંચાયત ઝાલોદ પૂર્વ પ્રમુખ દિનેશભાઈ નિનામા, મંત્રી તર્સિંહ રાઠોડજી, વિરેન્દ્રસિંહ રાઠોડજી, ધર્મેન્દ્રસિંહ રાઠોડજી, વિજય મોરી ૧૩૦–ઝાલોદ વિધાનસભા સંયોજક અને લીમડી પૂર્વ તાલુકા પંચાયત સભ્ય તથા ભા.જ.પા ઝાલોદ તાલુકા ઉપપ્રમુખ મુકેશભાઈ ખાંગુડા તથા આગેવાન મીલનભાઈ માર, સુનિલભાઈ કણોવટ, સંજય ચૌહાણ તથા આજુબાજુના સરપંચ તથા ભારતીય જનતા પાર્ટી કાર્યકર્તાઓને ઉપસ્થિતમા ઈ–બાઈક લાઈવ કાર્યક્રમ નિહાળી પ્રસ્થાન કરવામાં આવ્યું.

## ગરબાડા પોલીસ સ્ટેશનના મોબાઈલ ચોરી અનડીટેકટ ગુન્હાનો ભેદ ઉકેલી મદ્દામાલના મોબાઈલ સાથે બે આરોપીઓને ઝડપી પાડતી દાહોદ SOG શાખા


દાહોદ,

દાહોદ એસ.ઓ.જી. સ્ટાફના માણસોએ ખાનગી બાતમીદારો રોકી ચોરીના ગુન્હા બનતા અટકાવવા તથા નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓ પકડવા સારૂ અસરકારક આયોજન બધ્ધ કામગીરી હાથ ધરેલ દરમ્યાન ચોક્કસ બાતમી મળેલ કે, એક કાળા કલરની અપાચી મોટર સાયકલ નં. GJ.20.AE.4203 ઉપર બે ઈસમો ચોરીના મુદ્દામાલના મોબાઈલ ફોન લઈ આવનાર છે. બાતમી આધારે દાહોદ–ગરબાડા હાઈવે રોડ ઉપર દેવધા ચોકડી પાસે વોચમાં હતા. તે દરમ્યાન અપાચી મોટર સાયકલ આવતાં તેઓને કોર્ડન કરી પકડી તેમના નામ–ઠામ પુછતાં (૧) પ્રકાશભાઈ જાતેબીલવાળ રહે. જાલત (૨) નવનોદભાઈ પારૂભાઈ જાતેપરમાર રહે.મોટી ખરજ રાહડુંગરીના હોવાનું જણાવેલ બંને


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ઈસમોની વારાફરતી અંગ ઝડતી કરતાં તેઓના પેન્ટના ખીસ્સા માંથી ત્રણ મોબાઈલ ફોન મળી આવેલ જે મોબાઈલ ફોન બાબતે પુછપરછ કરતાં ત્રણ મોબાઈલ ફોન પૈકી બે મોબાઈલ ફોન બાબતે તેઓ કોઈ સંતોષકારક જવાબ આપેલ નહીં જેથી બન્ને મોબાઈલ ફોનના બાબતે કોઈ આધાર પુરાવો હોય તો રજુકરવા જણાવતાં કોઈ આધાર પરૂાવો નહીં હોવાનું જણાવેલ તેઓની સઘન પુછપરછ કરતાં જણાવેલ કે, આજથી ગયા પંદર–સતર દિવસ પહેલા પહેલા બપોર બે–એક વાગ્યાના અરસામાં દેવધા ગામે એક ઈસમ મોટર સાયકલ ઉપર જતો હતો અને તેના શર્ટના ઉપરના ખિસ્સામાં બે મોબાઈલ ફોન રાખેલ હતા. તે મોબાઈલ ફોન અમોએ તેના શર્ટના ખીસ્સા માંથી કાઢી ચોરી કરી લઈ અમારી પાસેની અપાચી મોટર સાયકલ ઉપર જતા રહેલ હોવાનું જણાઈ આવેલ જે બે મોબાઈલ ફોન બાબતે તપાસ કરતાં ગરબાડા પોલીસ મથકમાં આ બાબતનો ગુનો નોંધાયેલ હોય જેથી બંને આરોપીઓને ગરબાડા પોલીસને સોપવામાં આવેલ પકડાયેલ મદ્દામાલ એક અપાચી મોટર સાયકલ કિંમત ૫૦,૦૦૦ તથા બંન્ને આરોપીઓ પાસેથી મળી આવેલ ત્રણ મોબાઈલ ફોનની રૂા.૨૧,૦૦૦ કુલ રૂા.૭૧,૦૦૦નો મદ્દામાલ પણ મળી આવેલ આમ દાહોદ એસ.ઓ.જી. ટીમને ગરબાડા પોલીસ સ્ટેશનના મોબાઈલ ચોરીના અનડીટેકટ ગન્હાને ડીટેકટ કરી ચોરીમાં ગયેલ મદ્દામાલના બે મોબાઈલ ફોન સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

## ગરબાડામાં બાઈક ઉપરથી પટકાઈ નાળામાં પડેલા નળવાઈ ગામના બાઈક ચાલકનું મોત



ગરબાડા,

ગરબાડા તાલુકાના નલવાઈના ગામના લલીતભાઈ પરમાર ગતરોજ બાઈક લઈને ગાંગરડી ખાતે દુકાને ગયા હતા. તે દરમિયાન સવારે ૧૧:૩૦ વાગ્યાના અરસમાં બાઈક લઈને કોઈ કામ અર્થે બજારમાં નીકળ્યા હતા. ત્યારે પૂરઝડપે હંકારે જતા કાળાકોટ ગામે ચુલિયા ફળિયામાં આવેલ નાળાના વળાંકમાં ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા રોડની સાઈડમાં આવેલ નાળાના પાણીમાં પડ્યા હતા. જેમાં નાળામાં પડેલા પથ્થરો માથાના કપાળના ભાગે પથરો વાગતા તેમજ શરીરને ગંભીર ઈજાઓ થતા તેઓનું મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતા પરિવારના લોકો તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને લલીતભાઈનો મૃતદેહ રાછવા પી.એસ.સી. ખાતે પીએમ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો.

## ઝાલોદની કે.આર. દેસાઈ કોલેજના વિદ્યાર્થીઓ ગોધરાની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે વિવિધ સ્પર્ધાઓમાં ઝળક્યા


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા ખાતે તૃતીય યુવક મહોત્સવ સ્પંદન ૨૦૨૨ નું આયોજન ૨૩, ૨૪, ૨૫ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું. તેમાં કે.આર.દેસાઈ આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ જી. દાહોદના વિદ્યાર્થીઓએ જુદી જુદી પાંચ સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કર્યો હતો. તેમાં કોલેજ શાસ્ત્રીય નૃત્ય, ફોક ઓર્કેસ્ટા, માઈમ, એકલ તાલ વાદ્યમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને કોલેજનું નામ રોશન કર્યું હતું. આ સ્પર્ધાઓમાં કોલેજના પ્રિન્સિપાલ એમ.એમ.પટેલ તેમજ કોલેજના અધ્યાપકો ડો. આશિષ મોદી, ડો. યોગેન્દ્ર સિંહ ઝાલા, ડો. અનિતા પાદરીયા અને ભારતીબેન મોદીએ માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કોલેજ પરિવાર તમામ સ્પર્ધકોને ખૂબ ખુબ અભિનંદન પાઠવે છે.

## દાહોદના ચોસલા ગામે મહાદેવ મંદિરની દાન પેટી રોકડની ચોરી કરનાર તસ્કરો CCTVમાં કેદ થયા

દાહોદ,

દાહોદ તાલુકાના ચોસાલા ગામે થોડા દિવસ પહેલા કેદારનાથ મંદિરમાં રાત્રીના સમયે ચાર ઈસમો દ્વારા ભગવાનની દાનપેટીમાંથી રોકડ રકમનો હાથફેરો કર્યાની ઘટના સામે આવી હતી. જેમાં જ જેટલા તસ્કરો મંદિરના પટાંગણમાં લાગે સીસીટીવીમાં કેદ થવા પામ્યા છે.

ત્રણ દિવસ અગાઉ દાહોદ તાલુકાના ચોસાલા ગામે આવેલા ભગવાન કેદારનાથ મહાદેવ મંદિરના પરિસરમાં મુકી રાખેલી દાન પેટીમાંથી ચાર અજાણ્યા ચોર ઈસમોએ દાન પેટીમાં મુકી રાખેલા રોકડા રૂપીયા ૧૨,૦૦૦ની ચોરી કરતા મંદીર પરિસરમાં લાગેલા સીસીટીવીમાં અજાણ્યા ચાર તસ્કરો કેદ થવા પામ્યા છે. જેમાં આપ જોઈ શકો છો સીસીટીવી



કેમેરાના માધ્યમથી કે ચાર અજાણ્યા તસ્કરો મંદિર પરિસરમાં રાત્રિના સમયે એન્ટ્રી કરે છે અને તે બાદ મંદિર પરિસરમાં મૂકેલી ભગવાનની દાન પેટી તોડી અને તેમાંથી રોકડ રકમ રૂપિયા થેલામાં ભરતા નજરે પડી રહ્યા છે. ત્યારબાદ તેની બાજુમાં આવેલી દાન પેટીને પણ અજાણ્યા તસ્કરો દ્વારા તેને તોડતા નજરે પડી રહ્યા છે. ત્યારે આ સમગ્ર ઘટના મંદિર પરિસરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે. ત્યારે મંદિર પરિસરના ટ્રસ્ટીઓ દ્વારા સીસીટીવી ના ફૂટેજ પોલીસને સોંપવામાં આવ્યા છે અને તાલુકા પોલીસે સીસીટીવી ફૂટેજ નો કબજો મેળવી મંદિર પરિસરમાં જ અજાણ્યા તસ્કરો કે જે રોકડ રકમની ચોરીની ઘટનાને અંજામ આપી રોકડ રકમની દાન પેટીઓ તોડી અને રોકડ રકમ લઈને ફરાર થયાં છે. તેમની ઓળખ મેળવવા માટે પોલીસ દ્વારા તજવીજ હાથ ધરાઈ છે. ત્યારે કહી શકાય કે પોલીસ દ્વારા વહેલી તકે મંદિર માંથી રોકડ રકમ ચોરનાર ચાર તસ્કરોને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. ત્યારે હાલતો કેદારનાથ મંદિરમાં રોકડ રકમની ચોરી કરતા ચાર તસ્કરો સીસીટીવીમાં કેદ થવા પામ્યા છે.



અલખ ધામ રામદેવજી મંદિર નવરાત્રી મહોત્સવ નિમિત્તે દાતા ભગવતી આહિરે પકોડી વાળાએ ઈલેક્ટ્રિકલ નગારૂ જેની કિંમત રૂપિયા ૭૫૦૦ જેટલી થાય છે. જેનું દાન આપેલ છે. જે બદલ મંદિર પરિવાર તરફથી તેમનું સાલ ઓઢાવી મંદિર ટ્રસ્ટના ખજાનચી અશોકકુમાર રમણલાલ પરમારના હસ્તે સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી કિરણસિંહ ચાવડા, ટ્રસ્ટી કટારા ચરણસિંહ, નટવરભાઈ ચૌહાણ, કાનાભાઈ સલાટ, વજેસિંહ સોલંકી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



Pvt. Ltd. દાહોદ માં ૨૩મી સપ્ટેમબર, ૨૦૨૨ રોજ ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરાયું હતું. જેમાં ત્રીજા વર્ષ, બી. ફાર્મ ના ૫૩ જેટલા વિદ્યાર્થીઓ એ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન Gidsha Pharmaceuticals Pvt. Ltd.ના સ્ટાફે અને ડાઈરેક્ટર દાહોદ સુમિત ગિડવાની એ વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીમાં દવાઓની બનાવટ અને સ્ટોરેજ અંગેની માહિતી આપી હતી અને સાથે ઈન્ડસ્ટ્રીમાં કામ કરવા માટેની પ્રાથમિક જરીયાતો વિશે પણ માહિતી આપી હતી. જેના માટે બી. ફાર્મસી કોલેજ, રામપુરા Gidsha Pharmaceuticals Pvt. Ltd. દાહોદનો આભાર મને છે.

## દેવગઢ બારીયા નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકા તથા પ્રાઈવેટ જમીનમાં ગેરકાયદેસર દબાણો બાબતે નગરપાલિકા સદસ્યનો આત્મવિલોપનનો પ્રયાસ

દાહોદ,

દેવગઢ બારીયા નગરમાં વોર્ડ નંબર–૪ ના કાઉન્સિલર અક્ષયકુમાર જૈન દ્વારા દેવગઢ બારિયા વોર્ડ નંબર–૪માં ધર્મશાળા વિસ્તારમાં રાજેશ્વરીબેન અગ્રવાલ તથા બજાજ શોરૂમ તથા તેને આસપાસના દબાણ અને બસ સ્ટેન્ડ વિસ્તારના દબાણો હટાવવાની રજૂઆતો છેલ્લા બે માસથી કરવામાં આવી હતી. સામાન્ય સભા માટેનો ઠરાવ પણ કરવામાં આવ્યો હતો પરંતુ એ દબાણો ન હટાવવાની કામગીરી વિલંબ થવાથી અક્ષયકુમાર જૈન, સિરોસભાઈ સોલંકી સહિત સ્ટેશન શેરીના કમલેશભાઈ અગ્રવાલ, હર્ષલભાઈ પાઠક, અલ્કેશભાઈ અગ્રવાલ, શૈલેષભાઈ પંડ્યા, શિરીષભાઈ સોલંકી, ભરતભાઈ જોશી, નકુલભાઈ કંદોઈ અને સંજયભાઈ પરમાર, જતીનભાઈ પટેલ વગેરે ભેગા મળી નગર પાલિકામાં આવ્યા હતા. નાટ્યાત્મક રીતે અક્ષયભાઈ કહ્યુ જૈન દ્વારા આ દબાણ દૂર કરો નહીં તો હમણાં હું મારા પર પેટ્રોલ નાખું છું, તેમ કહી પેટ્રોલ નાખી દીધું હતું. આ તમામ ભેગા મળી નગર પાલિકામાં ખૂબ મગજમારી કરી હતી. દેવગઢ બારીયા નગરના વોર્ડ નંબર–૪ માં આવતા દબાણ દૂર કરવા માટે તેઓએ લેખિતમાં અરજી પણ આપી છે અને ઠરાવમાં પણ લેવડાયું છે. આમ, આજરોજ આખો દિવસ નગર પાલિકામાં નાટચાત્મક રીતે મગજમારી ચાલી હતી. જેમાં દેવગઢ બારિયા પોલીસ ઈન્સ્પેકટર બી.એમ. પટેલ નગરપાલિકા આવી પહોંચ્યા હતા.

### નાટક રીતે ભેગા થયેલા તમામ લોકો છુટા પડ્યા હતા

દેવગઢ બારીયા નગર પાલિકાના ચીફ ઓફિસર સાથે વાતચીત કરતા જણાવ્યું કે, તેઓને માંગણી પ્રમાણે નોટીસ આપીશું અને ત્યારબાદ દબાણ હટાવવાની કામગીરી શરૂ કરીશું. સાથે સાથે દેવગઢ બારિયા નગરના વોર્ડ નંબર-૪ના દબાણો પણ તોડવાની પણ બાંહેધરી આપી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.33

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પાવાગઢ યાત્રાધામ ખાતે નવરાત્રીમાં

# યાત્રાળુઓ માટે મુકાયેલ ST બસો રસ્તામાં ખોટકાઈ જવાની તેમજ સમયસર ન મળતાં યાત્રાળુઓ પરેશાન

### ST વિભાગ દ્વારા તળેટી થી માંચી સુધી વધારાની બસો મુકાઈ તેમાં મોટા ભાગે ખખડધજ હાલતમાં






પાવાગઢ,

આસો નવરાત્રીના પાવન પર્વએ પાવાગઢ યાત્રાધામ ખાતે મહાકાળી માતાજીના દર્શન માટે મોટી સંખ્યામાં ગુજરાત અને પાડોશી રાજ્યો માંથી માઈ ભકતો ઉમટી પડતા હોય છે. નવરાત્રીમાં દર્શનાર્થીઓના ધસારાને પહોંચી વળવા માટે એસ.ટી. વિભાગ દ્વારા વધારાની ૫૦ બસો મુકવામાં આવી છે પરંતુ તળેટી થી માંચી સુધીની બસોની સ્થિતી સારી ન હોવાથી રસ્તમાં બંધ થઈ જતાં દર્શનાર્થીઓ પરેશાન થઈ રહ્યા છે સાથે કોઈ દુર્ઘટના સર્જાવાથી દહેશત વર્તાઈ રહી છે.

પાવાગઢ શકિતપીઠ ખાતે નવરાત્રીના પાવન પર્વએ પ્રતિદિન લાખોની સંખ્યામાં માઈ ભકતો દર્શન માટે આવતા હોય છે. પાવાગઢ ખાતે માત્ર ગુજરાત નહિ પરંતુ મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા પાડોશી રાજ્યો માંથી પણ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવતા હોય છે. નવરાત્રીના પાવન પર્વમાં યાત્રાળુઓને મુશ્કેલીઓ ન પડે તે માટે જીલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ તેમજ મંદિર ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. મહાકાળી માતાજીના દર્શન માટે આવતાં દર્શનાર્થીઓને પાવાગઢ તળેટી થી માંચી સુધી લઈ જવા માટે એસ.ટી.વિભાગ દ્વારા ૫૦ જેટલી વધારાની બસો મુકવામાં આવી છે. પરંતુ એસ.ટી. બસોની સ્થિતી અને યાંત્રીક ખામીઓને કારણે પાવાગઢ ચડતા બંધ થઈ જવાની ઘટના સામે આવી રહી છે. તળેટી થી માંચી જતાં રસ્તા ઉપર એસ.ટી.બસો બંધ થઈ જતાં યાત્રાળુઓ પરેશાન થઈ રહ્યા છે. સાથે બસ અડધે રસ્તે બંધ થઈ જતી હોય ત્યારે કોઈ અનિચ્છનીય દુર્ઘટનાની ભીંતિ સેવાઈ રહી છે. ત્યારે નવરાત્રીના સમય દરમિયાન નવી બસો મુકવામાં આવે તે જરૂરી છે. પાવાગઢ તળેટી થી માંચી સુધી મુકવામાં આવેલ બસો સમયસર ન આવતી હોવાથી દર્શનાર્થીઓ પગપાળા જવા મજબુર બન્યા છે. નવરાત્રીના પાવન પર્વમાં પાવાગઢ દર્શન માટે આવતાં માઈ ભકતોને તળેટી થી માંચી સુધી યોગ્ય એસ.ટી. સુવિધા મળી રહે તે માટે તંત્ર ધ્યાન આપે તે જરૂરી છે.

## શહેરા પોલીસે વાઘજીપુર ચોકડી પાસેથી કારમાંથી અને

# ભેંસાલ ટેકરા ફળિયાના ઘરની અંદર ધમધમી રહેલા કતલખાના પરથી ૩૫૦કિલો કરતા વધુ ગૌમાંસનો જથ્થો ઝડપી પાડવા સાથે ૧૮ જેટલા પશુઓનો જીવ બચાવી લેવાયા





તસ્વીર : તુષાર દરજી, શહેરા

- પોલીસે ગૌમાંસનો જથ્થો અને સેન્ટ્રો કાર તેમજ ૧૮ પશુઓ મળીને અંદાજિત રૂપિયા બે લાખનો મુદ્દામાલ કબજે કર્યો.
- ઘરની અંદર ધમધમતા કતલખાના પરથી નાસી છૂટેલ કસાઇ મુસ્તકીમ આમીન પઠાણને પકડી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા.
- ગૌમાંસના જથ્થા સાથે પકડાયેલ સેન્ટ્રો કારના ચાલક ઈદ્રીશ ઉભલીને પકડી પાડીને જેલના સળિયા ગણતો કરી દીધો હતો.

શહેરા,

શહેરા પોલીસે વાઘજીપુર ચોકડી પાસેથી સેન્ટ્રો કારમાંથી અને ભેંસાલ ટેકરા ફળિયાના ઘરની અંદર ધમધમી રહેલા કતલખાના પરથી ૩૫૦કિલો કરતા વધુ ગૌમાંસનો જથ્થો ઝડપી પાડવા સાથે ૧૮ જેટલા પશુઓનો જીવ બચાવી લીધો હતો. પોલીસે ગૌમાંસનો જથ્થો અને સેન્ટ્રો કાર તેમજ ૧૮ પશુઓ મળીને અંદાજિત રૂપિયા બે લાખનો મુદ્દામાલ કબજે કરીને કારચાલક પકડી પાડવા સાથે કતલખાના પરથી ભાગી ગયેલ કસાઈને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુતને ખાનગી રાહે બાતમી મળેલ હતી કે, શહેરા થી ગોધરા હાઈવે માર્ગ તરફ એક સેન્ટ્રો કારમાં ગૌમાંસનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુતને મળેલ માહિતીના આધારે તેઓ પોતાના સ્ટાફ સાથે વાઘજીપુર ચોકડી પાસે આવતા જતા વાહનોની ચેકિંગ હાથ ધરી હતી તે દરમિયાન બાતમીના વર્ણન વાળી સેન્ટ્રો કાર નંબર GJ-17-N-9760 ને ઉભી રખાવી અંદર તપાસ કરતા ગૌમાંસનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કારના ચાલક ઈદ્રીશ મહમંદ ઉભલી ઉં.વ. ૪૪ રહે દારૂણીયા પથ્થર નાયક ફળિયુ મુસ્લિમ સી. સોસાયટી ગોધરાની પૂછપરછ કરતા તેને આ ગૌમાંસનો જથ્થો ઢાંકલીયા ભેંસાલ તરફ જતા રસ્તા પર ટેકરા ફળિયા પાસેના એક ઘર માંથી લીધેલ હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપૂત એ પોલીસ સ્ટાફ સાથે ઘરની અંદર ધમધમતા કતલખાના પર રેડ પાડતા મોટા પ્રમાણમાં ગૌમાંસનો જથ્થો મળી આવવા સાથે સ્થળ પરથી ૧૮ જેટલા કુર્તાપૂર્વક બાંધી રાખેલ ગાય અને વાછરડા સહિતના પશુઓ પણ મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસ એ કતલના ઈરાદે બાંધી રાખેલ ૧૮ જેટલા પશુઓનો જીવ બચાવીને પાંજરાપોળ ગોધરા ખાતે મોકલી દેવામાં આવ્યા હતા. ગૌમાંસનો જથ્થો કબજે લઈ તેના પૃથ્થકરણ માટે સ્થળ પર પશુ ચિકિત્સકને બોલાવવામાં આવીને સેમ્પલ લેવડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ નગર પાલિકાના સફાઈ કર્મીઓ દ્વારા તમામ જથ્થાનો જમીનમાં દાટી દઈ નાશ કરવામાં આવ્યો હતો. ગેરકાયદેસર ગૌમાંસનો આટલો મોટો જથ્થો ત્રણ મહિનામાં ત્રીજી વખત પોલીસ દ્વારા પકડવામાં આવ્યો હોય ત્યારે હજુ પણ અનેક જગ્યાએ છુપી રીતે આવા કતલખાના ચાલતા હશે તો નવાઈ નહીં. પોલીસે સેન્ટ્રો કાર, ૩૫૦કિલો કરતા વધુ ગૌમાંસનો જથ્થો મળીને અંદાજિત રૂપિયા બે લાખનો મુદ્દામાલ સાથે સેન્ટ્રો કારના ચાલક ઈદ્રીશ ઉભલીને પકડી પાડીને જેલના સળિયા ગણતો કરી દીધો હતો. જ્યારે ઘરની અંદર ધમધમતા કતલખાના પરથી નાસી છૂટેલ કસાઇ મુસ્તકીમ આમીન પઠાણને પકડી પાડવા માટેના ચક્રોગતિમાન કર્યા હતા.

## શું આ દલાતરવાડીની વાડી તો નથી ને ?

# કાલોલ તાલુકાના ડેરોલગામમાં ગૌચર જમીનમાંથી માટી ઉલેચી તળાવ બનાવ્યું કોની મંજૂરીથી?





કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલ ગામમાં સમાવેશ થતા બુબેન વિસ્તારમાં ફાળવવામાં આવેલ ગૌચર જમીન માંથી બેફામ માટીનું ખનન થતાં વિશાળ તળાવ બનાવ્યું કોની મંજૂરીથી ? શું આ દલાતરવાડીની વાડી તો નથી ને ? ઉલ્લેખનીય છે કે, ગામડાઓમાં મૂંગા પશુઓના ચણ માટે ફાળવવામાં આવેલી ગૌચર જમીનમાં સરકાર દ્વારા ખુલ્લી કરવામાં માટેના હુકમો કરવામાં આવ્યા હતા. પરંતુ હજુ સુધી પંચમહાલ જિલ્લાના અનેક વિસ્તારોમાં ગૌચર જમીનો પર બેફામ રીતે દબાણો અને માટીનું ખનન કરી બંજર બનાવી દેવાતા હોય છે.

કાલોલ તાલુકાના ડેરોલગામમાં આવેલ ગૌચર જમીન પર સરકારના હુકમો પછી પણ કોઈપણ પ્રકારની નક્કર કામગીરી જોવા મળતી નથી. જો કે સદર ગૌચર જમીનને ગ્રામપંચાયત હસ્તક સાચવણી કરવાની હોય છે. પરંતુ ગામનાં સેજા તલાટીઓ અને વહીવટ સરપંચ પતિ (SP) દ્વારા ગૌચર જમીનનો દલા તલવાડીની જેમ ઉપયોગ થતો હોય છે.

કાલોલ તાલુકાના ડેરોલ ગામમાં આવેલ સર્વે નંબરમાં ગૌચર ગણાતા સર્વે નંબરમાં જે તે સમયના તલાટીઓ તેમજ વહીવટકર્તાઓની મિલીભગતને કારણે કાચા અને પાકા દબાણો તેમજ ગૌચર જમીનની માટીનું ખોદકામ કરી વ્યાપલો કરી તળાવ બનાવી દેવાતા ગામના એક જાગૃત નાગરિક દ્વારા રજૂઆત કરી સમાચાર પત્રોમાં પણ અહેવાલો પ્રસિદ્ધ થયા હતા. પરંતુ સદર કામગીરી સામે વહીવટીતંત્રે આંખ આડા કાન કરી મામલો સમેટી લીધો હોવાનું ચર્ચાય રહ્યું છે. ડેરોલગામ ના બુબેન વિસ્તારમાં ગૌચર જમીનમાં બનાવેલ તળાવ વિસ્તારની બાજુ માંથી ગામના મહિલા સરપંચ પતિ (SP) તેમજ તલાટી કમ મંત્રીની મિલીભગતથી પંચાયતમાં અન્ય સભ્યોને વિશ્વાસમાં લીધા વગર તેમજ ગ્રામ પંચાયતમાં કોઈપણ પ્રકારના ઠરાવ કર્યા વગર સીધે સીધો જ વહીવટ થતો હોય છે. ઉલ્લેખનીય છેકે, માટી ખનન કરતા ભૂમાફિયાઓ સદર કામ કરવાનું તલાટી કમ મંત્રી તેમજ બિનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા કહેવામાં આવતા માટી ખનન કરતા વ્યક્તિઓ સામે તપાસનો વિષય બન્યો છે. જોકે, કાલોલ તાલુકા વિકાસ અધિકારી તેમજ કાલોલ મામલતદાર દ્વારા જે તે જગ્યાનું પંચક્યાસ કરી સદર જમીનના સર્વે નંબર ગામતળમાં કે ગૌચર જમીનમાં સમાવેશ કરવામાં આવેલ છે ? તેની ખરાઈ કરી સદર માટી ખનનનું કાર્ય કોની મંજૂરીથી કરવામાં આવે છે ? માટી ખનનમાં ઉપયોગમાં લેવાતા વાહનોના કોણા છે ? માટી કામમાં ઉપયોગમાં લેવાતા વાહનોના અને ચાલકો પાસે આર.ટી.ઓ.ના પૂરતા દસ્તાવેજો છે કે કેમ ? તે પણ એક તપાસનો વિષય છે ? જોકે હાલ ડેરોલગામ પંચાયતની મંજૂરી વગર માટી ખનન થતું હોવાનું બહાર આવ્યું છે. જો કે વહીવટી તંત્ર દ્વારા ચોક્કસ તપાસ હાથ ધરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉપસ્થિત થઈ છે.

## ગોધરા શહેર રેલ્વે ફાટક પાસે રોડ ઉપર પાણી ભરાઈ જવાની કાયમી સમસ્યા થી લોકો પરેશાન



ગોધરા,

ગોધરા શહેરમાં રેલ્વે ફાટક પાસે રોડ પર પાણી ભરાઈ જાય છે. વર્ષોની સમસ્યા છે, નગરપાલિકા દ્વારા કાયમી નિકાલ કરવામાં આવતો નથી. નગર પાલિકાના પ્રમુખ માત્ર એસી ઓફિસમાં બેસી રહે છે. નગરપાલિકાના સુપર સીટ કરીને વહીવટદાર સાશન લાવવામાં આવે તેવી લોક માંગ છે.

## રાજગઢ પોલીસ મથકના હત્યાના ગુનામાં ભાગી છુટેલ આરોપી ૧૯ વર્ષે ઝડપાયો



ઘોઘંબા,

પંચમહાલ જિલ્લા પોલીસ ઉચ્ચ અધિકારીઓ દ્વારા નાસ્તા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ સુચના આપવામાં આવી હતી. જે અનુસંધાને પેરોલ ફ્લો સ્કોડને ચોક્કસ બાતમી મળી હતી કે, રાજગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના ગુના નો આરોપી વિજયસિંહ કિરીટસિંહ સોલંકી રહે.કાનપુર તા. ઘોઘંબા પોતાની ઓળખ છુપાવી નાશિક શહેરમાં રહે છે અને પોતાનું નામ છુપાવી વિજયસિંહ સોલંકીના નામથી રહે છે. જેથી રાજગઢ પોલીસ કર્મચારી તથા પેરલ ફૂલો સ્કોડ દ્વારા ૧૯ વર્ષથી નાસ્તા ફરતા આરોપીને ઝડપી પાડી જેલ ભેગો કર્યો હતો.

રાજગઢ પોલીસ સ્ટેશનની હદમાં હત્યા કરી ભાગી છૂટેલો આરોપીને ૧૯ વર્ષ એ ઝડપાયો. આપને હિન્દી ફિલ્મોમાં ઘણીવાર સાંભળ્યું છે કે, કાનૂનના હાથ લાંબા હોય છે. ગુનો કર્યા બાદ આરોપી ગમે ત્યાં છુપાઈ જાય પરંતુ પોલીસ તેને ગમે ત્યાંથી પકડી પાડે છે. આજના આધુનિક યુગમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને ગુજરાત પોલીસની સુઝબુઝ અને બાતમી દારોના પાકા નેટવર્ક થી હત્યા કરી ભાગી છૂટેલા આરોપી ૧૯ વર્ષે ઝડપાયો હતો. આરોપીએ પોલીસથી બચવા નામ અને ગામ છુપાવી મહારાષ્ટ્રમાં સંતાયો હતો. તે જગ્યાએ પેરોલ ફુલ સ્કોડ પહોંચી ઓપરેશન સફળ પાર પાડ્યું.

## ગોધરા ૧૮૧ ટીમએ ગોધરામાં ફરતા અસ્થિર મગજના બહેનને પરિવારને સોંપ્યા

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર માંથી એક જાગૃત વ્યકિત દ્વારા કોલ કરીને જણાવેલ કે, એક અસ્થિર મગજના અજાણ્યા બહેન એકલા ગભરાયેલી હાલતમાં મળી આવ્યા છે. જેમને મદદની જરૂર છે. ગોધરા ૧૮૧ ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી પીડિતાનું કાઉન્સિલીગ કરી તેમની પૂછપરછ કરતાં તેમને જણાવ્યું કે, તે હોસ્પિટલ જવા નીકળ્યા હતા. તેમને તેમના ઘરનું સરનામું થોડું થોડું યાદ હતું. વધારે પૂછપરછ કરતાં તેમને તેમનું નામ તેમજ તેમનાં ભાઈનું નામ જણાવ્યું. આગળ તે સમય દરમિયાન તેમની સોસયટીમાં રહેતા એક ભાઈ ત્યાંથી પસાર થતા તેમને તે બહેનને જાણતા હોવાથી ઉભા રહેતાં તેમનાં ઘરનું સરનામું મેળવી તેમને તેમના પરિવારને સોંપ્યા છે. તેમનાં પરિવારમાં તેમનાં ભાઈ અને મમ્મી હતા. જેમને જણાવ્યું કે, તેઓ માનસિક રીતે અસ્વસ્થ છે, તેમની સારવાર ચાલી રહી છે. પરંતુ આજે બધા જરૂરી કામથી બહાર ગયા હતા. જેથી તેઓ એકલા ઘરે હોવાથી નીકળી ગયા. બહેનને તેમનાં પરિવાર જનોને સોંપી તેમને આ રીતે એકલાં ઘરેથી બહારના નીકળવા દે અને તેમનું ધ્યાન રાખવા જણાવ્યું. પોતાની છોકરી સહીસલામત ઘરે મળતાં પરિવારજનોએ ૧૮૧ની ટીમનો આભાર વ્યક્ત કર્યો.

# વેજલપુર ગ્રામ પંચાયતના વિરોધ પક્ષના બે સભ્યો સાશક પક્ષમાં જોડાતા હડકંપ



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાની મોટા માં મોટી ગ્રામ પંચાયત અનેક વખત વિવાદોમાં આવી ચુકી છે અને સરપંચ સામે અવિશ્વાસની દરખાસ પણ આવી ચુકી છે. ઘણીવાર કેટલાક સરપંચો તેઓની પાંચ વર્ષ ની સમય મર્યાદા પૂર્ણ કરતા નથી. જેથી સાશક પક્ષમાં ડર પેદા થતા વિપક્ષ એટલે (ટ્રક)ની પેનલના બે સભ્યોને (કુકર) આપી શાક્ષક પક્ષના વિશ્વાસમાં લઈ સામાન્ય સભામાં જાહેરાત કરવામાં આવી હતી. જેથી વેજલપુર ગ્રામ પંચાયતના રાજકારણમાં હડકમ મચી જવા પામી છે. સાક્ષક મજબૂત કરવા માટે ધમાચકડી વેજલપુર ગ્રામ પંચાયતની ચૂંટણીને આશરે એકાજ વર્ષે પહેલા થયેલી વેજલપુર ગ્રામ પંચાયતની ચુંટણીમાં ત્રિકોણીય જંગ ખેલાયો હતો અને તેમાં કુકરની પેનલના સરપંચ અને ૭ સભ્યો વિજય થયો હતો અને બીજી તરફ ટ્રકની પેનલના ૭ સભ્યોનો વિજય થયો હતો અને આમ પહેલી વખતે બન્ને પેનલ ના સાત-સાત સભ્યોનો વિજય થતા વિરોધ પક્ષ મજબૂતિ થી વિરોધ કરી રહ્યો હતો. જેથી આજ રોજ મળેલ વેજલપુર ગ્રામ પંચાયત સભ્યો ની સામાન્ય બેઠક માં વિરોધ પક્ષ ના બે સભ્યો શાસક પક્ષ કુકરની પેનલમાં જોડાતા લોકો આશ્રય મુકાય ગયા હતા. ત્યારે વેજલપુર ગામમાં લોક ચર્ચાઓ એ ખુબજ જોર પકડ્યું છે કે આતો સાક્ષક પક્ષ એટલે મજબૂત કરવામાં આવ્યો કે વિપક્ષના સભ્યો સાક્ષક પક્ષના સભ્યો સાથે મળી અવિશ્વાસની દરખાસ ના લાવે તેવા ડર થી સાક્ષક પક્ષ મજબૂત કરવામાં આવ્યો હજુ લોક મુખે એવી પણ ચર્ચા છે કે આવનાર બે ત્રણ મહિના પછી અન્ય સભ્યો જોડાવવાની શકયતા હજુ પણ વિરોધ પક્ષના બે થી ત્રણ સભ્યો સાશક પક્ષ કુકરની પેનલમાં જોડાશે તેવી માહિતી મળી રહી છે. વેજલપુર ગ્રામ પંચાયતનો વિકાસ કઈ દિશામાં આગળ વધશે ગામનો વિકાસ થશે કે વિનાશ એતો હવે આવનારો સમયજ બતાવશે.

વિરોધ પક્ષ માંથી સાશક પક્ષ (કુકર)માં જોડાયેલ સભ્યો જેમાં વોર્ડ નંબર-૪ના સભ્ય મહેબૂબ જમાલ અને વોર્ડ નંબર-૧૧ ના સભ્ય ચરણ ચૌહાણ સાક્ષક પક્ષમાં જોડાતા જણાવેલ કે સાક્ષક પક્ષમાં વિકાસ કરવા માટે જોડાયા છે અને વિરોધ પક્ષમાં તેઓના કામો ન થતા હોવા ના કારણે નારાજ થઈ સાક્ષક પક્ષમાં જોડાયાં જેથી હવે વેજલપુર ગામનો કઈ રીતે વિકાસ થશે તે આવનારો સમયજ બતાવશે કે પછી વેજલપુર ગ્રામ પંચાયતમાં ચલતે કા નામ ગાડી જેસા થા વેસાહી ચલતા રહેગા.

## ગોધરા ભામૈયા બાયપાસ રોડ ઉપર જંગલી ગાયો આવી જતાં આઈસર ટ્રક પલ્ટી જતાં સરસામાનનું નુકશાન

ગોધરા,

ગોધરા ભામૈયા બાયપાસ રોડ ઉપર થી પસાર થતા આઈસર ટ્રકની સામે જંગલી ગાયો આવી જતાં ટ્રક ચાલક બચાવવાના પ્રયાસમાં આઈસર પલ્ટી ખાઈ જતાં ટ્રકમાં ભરેલ સામાન અને આઈસરને નુકશાન થયું સદ્દનસીબે જાનહાનિ થવા પામી ન હતી. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ભામૈયા બાયપાસ રોડ ઉપર થી આઈસર નં.જીજે.૨૭.ટીટી.૫૭૫૪ થઈ રહી હતી. ત્યારે રોડ ઉપર અચાનક જંગલી ગાયો આવી જતાં જંગલી ગાયોને બચાવવાનો પ્રયાસ કરતાં સ્ટેરીંગપરનો કાબુ ગુમાવી દેતા આઈસર રોડ સાઈડમાં પલ્ટી ગયું હતું. આઈસર પલ્ટી જતાં અંદર ભરેલ સેનેટરી વેરનો સામાન અને આઈસર ટ્રક મળી ૫,૮૫,૦૦૦/- રૂપીયાનું નુકશાન થવાની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.